(ગુજરાતી ત્રીજા ધોરણના વિદ્યાર્થીઓને માટે)

મુંબઈ ઈલાકાની ભૂગોળવિદ્યા

રચીપ્રસિદ્ધ કરનાર,

લાલજી હરજીવન મેતા.

ગુજરાતી હેડમાસ્તર સિંધ મદ્રેસાતુલ ઈસલામ અને
બુકસેલર બંદરરોડ—કરાચી.

આવૃતી બીજી પ્રત ૧૦૦૦.

કરાચી

"મરાઠા" પ્રીન્ટીંગ પ્રેસમાં છાપ્યું.

સંવત ૧૯૫૬ ઈ. સ. ૧૯૦૦

કિંમત રૂ. ૦—૨—૩.

વિજ્ઞપ્તિ.

આ પ્રાંતના વિદ્યાર્થીઓને ભૂગોળ શીખવા માટે અનુકુળ થઈ પડે તેવા સાધનની ખોટ જણાયાથી મારા એક મીત્રે મારી "સીંધ પ્રાંતની ભૂગોળ વિદ્યા" જોઈ તેવીજ ઇબારતપર મુંબઈ ઈલાકાની ભૂગોળ વિદ્યા રચવાને મને સુચના કરી, જેથી પુરસદના વખતનો લાભ લઈ યથામતિ આ કામ પુર્ણ કર્યું છે.

આ ભૂગોળ વિદ્યામાં મુંબઈ ઈલાકાના વેપાર ઉદ્યોગ, વસુલાત. રેલ્વે, તાર, મુંબઈ ઈલાકાની રીતભાત તથા મોટા શહેરોના વર્ણન આપેલા છે. જે શિક્ષકોએ મેહરબાની કરી વિદ્યાર્થીઓને મુખપાઠ ન કરાવતાં માત્ર સમજાવવા એવો મારો ઉદ્દેશ છે.

આ કામમાં મને મેહરબાન મારા મિત્રો તરફથી સારો આશ્રય મળ્યો છે જેથી તેઓનો હું ઘણોજ ઉપકાર માનું છું.

કરાચી,

તા. ૧૫ મી મે ૧૯૦૦. કર્તા

७३४४

ભૂગોળ વિદ્યા.

ભૂગોળ વિદ્યા શિખવાથી થતા ફાયદા.

આ પૃથ્વી ઉપર પરમેશ્વરે બધે એક સરખી રચના કરી નથી, જૂદા જૂદા દેશમાં જૂદી જૂદી જાતના પ્રાણી અને જૂદી જૂદી જાતની વનસ્પતિ બનાવ્યાં છે. તે જાણવાથી ઈશ્વરની અપાર શક્તિ માલમ પડે છે. પૃથ્વી ઉપર કેટલા દેશ છે, ને તે કયી કયી દિશાએ છે, ત્યાંના લોક કેવા છે, ત્યાંની હવા કેવી છે, ત્યાં પાક શું શું થાય છે, ત્યાં રાજ્ય કેવી રીતે ચાલેછે, વગેરે ત્યાં શું શું જોવાનું છે એ બધું આપણે જાણીયે છીયે. ઘરમાં બેઠા બેઠા આખી પૃથ્વીની મુસાફરી કરવાનું સાધન ભૂગોળ વિદ્યા છે.

પૃથ્વીના મુખ્ય ભાગ.

આખી પૃથ્વીના બે ગોળાર્દ્ધ છે પૂર્વ ગોળાર્દ્ધ (જુની દુનિઆ)ને પશ્ચિમ ગોળાર્દ્ધ (નવી દુનિઆ) એ બને ગોળાર્દ્ધમાં ચાર મોટા ખંડ છે. પશ્ચિમ ગોળાર્દ્ધમાં અમેરિકા, અને પૂર્વ ગોળાર્દ્ધમાં એશિઆ, યુરોપ, અને

આફ્રિકા છે. મુંબઈ ઈલાકો એશિઆ ખંડમાં છે અને તે હિંદુસ્તાનનો એક ભાગ છે.

મુંબઇ ઇલાકો.

સીમા—ઉત્તરે બલુચિસ્તાન, તથા ભાવલપુર સંસ્થાન, પૂર્વે રજપુતસ્થાન, માળવા, મધ્ય પ્રાંતો, નિજામનું રાજ્ય અને મદ્રાસ ઇલાકો, દક્ષિણે મહિસૂર પ્રાંત, અને પશ્ચિમે બલુચિસ્તાન તથા અરબી સમુદ્ર છે.

વિસ્તાર—મુંબઇ ઈલાકાની લંબાઈ-૧૦૫૦ ચોરસ માઈલ છે અને પોહોળાઈ-૬૭૦ માઈલ, ક્ષેત્રફળ ૨૫૦૦૦૦ ચોરસ માઈલ. છે, અને વસ્તી ૨૪૦૪૪૫૯૮ માણસની છે.

વિભાગો—આ ઇલાકાના પાંગ વિભાગ થએલા છે. ૧ સિંધ, ૨ કચ્છ, ૩ ગુજરાત, ૪ મહારાષ્ટ્ર (દક્ષિણ તથા કોકણ,) ૫ દક્ષિણ મહારાષ્ટ્ર અને ઉત્તર કાનડા.

સિંધ પ્રાંતના ભાગ તથા મુખ્ય શહેર.

ભાગ	મુખ્ય શહેર.
૧ સિંધના ઉપલો સરહદનો મુલક	જેકબાબાદ
૨ શિકારપુર જીલ્લો	શિકારપુર
૩ હૈદ્રાબાદ જીલ્લો	હૈદ્રાબાદ

કરાચી જીલ્લો	કરાચી
૫ થરપારકર જીલ્લો	ઊમરકોટ
૬ ખૈરપુર સંસ્થાન (દેશી રાજ્ય)	ખૈરપુર

કચ્છ પ્રાંતના ભાગ તથા મુખ્ય શહેર.

ભાગ	મુખ્ય શહેર
કચ્છ (દેશી રાજ્ય)	ભૂજ

ગુજરાત પ્રાંતના ભાગ તથા મુખ્ય શહેર.

ભાગ	મુખ્ય શહેર
૧ સૂરત જીલ્લો	સૂરત
૨ ભરૂચ જીલ્લો	ભરૂચ
૩ ખેડા જીલ્લો	ખેડા
૪ પંચમહાલ જીલ્લો	ગોધરા અને દાહોદ
૫ અમદાવાદ જીલ્લો	અમદાવાદ
૬ કાઠિયાવાડ એજન્સિ	રાજકોટ
૭ પાલણપુર એજન્સિ	પાલણપુર અને ડીસા
૮ મહિકાંઠા એજન્સિ	સાદરા અને ઇડર
૯ રેવાકાંઠા એજન્સિ	નાંદોદ, દેવગડબારીઆ અને લુણાવાડા.
૧૦ ગાયકવાડનો મૂલક	વડોદરા
૧૧ ખંભાત સંસ્થાન	ખંભાત

૧૨ પંચમહાલ એજન્સિ	નારૂકોટ
૧૩ સુરત એજન્સિ	વાંસદા, ધરમપુર અને સચીન.

મહારાષ્ટ દેશ એમાં કોકણ તથા દક્ષિણ છે.

કોકણના ભાગ તથા મુખ્ય શહેર.

ભાગ	મુખ્ય શહેર.
૧ થાણા જીલ્લો	થાણા
૨ કુલાબા જીલ્લો	અલીબાગ
૩ જવ્હાર સંસ્થાન	જવ્હાર
૪ જંજીરા સંસ્થાન	જંજીરા
૫ રત્નાગિરી જીલ્લો	રત્નાગિરી
૬ સાવંતવાડી સંસ્થાન	સાવંતવાડી

દક્ષિણ પ્રાંતના ભાગ તથા મુખ્ય શહેર.

ભાગ	મુખ્ય શહેર.
૧ ખાનદેશ જીલ્લો	ધુળીઆ
૨ નાશિક જીલ્લો	નાશિક
૩ પુણા જીલ્લો	પુણા
૪ અહમદનગર જીલ્લો	અહમદનગર
૫ સતારા જીલ્લો	સતારા
૬ સોલાપુર જીલ્લો	સોલાપુર
૭ પેંઠ સંસ્થાન	પેંઠ

૮ અક્કલકોટ સંસ્થાન	અક્કલકોટ
૯ સતારા જાગીર	ભોર, ફલટન, ઔંધ, અને જત.
૧૦ ખાનદેશ એજન્સિ	ખાનદેશ.

દક્ષિણ મહારાષ્ટ અને ઉતરકાનડાના ભાગ તથા મુખ્ય શહેર.

ભાગ	મુખ્યશહેર
૧ કલાદગી જીલ્લો	કલાદગી
૨ બેલગાંવ જીલ્લો	બેલગાંવ
૩ ધારવાડ જીલ્લો	ધારવાડ
૪ ઉતર કાનડા જીલ્લો	કારવાડ
૫ કોલાપુર સંસ્થાન	કોલાપુર
૬ સાવનુર સંસ્થાન	સાવનુર
૭ દક્ષીણ મહારાષ્ટ જાગીર	સાંગલી, જમખંડી, મીરજ, કુરૂંદવાડ, મુધોળ, અને રામદુર્ગ

દેશી રાજ્યો

(અંગ્રેજ સરકારને ખંડણી આપનારાં શહેરો.)

સિંધમાં ખૈરપુર, કચ્છમાં કચ્છ, ગુજરાતમાં વડોદરા, ખંભાત, ભાવનગર, જુનાગઢ, જામનગર, (નવાનગર) ઇડર પાલણપુર, નાંદોદ,

વાંસદા સચીન, વગેરે. મહારાષ્ટ્રમાં જવ્હાર, જંજીરા, સાંવતવાડી, પેંઠ, અકલકોટ વગેરે. દક્ષિણ મહારાષ્ટ્રમાં કોલાપુર સાવનુર વગેરે ઘણાં છે.

અંગ્રેજી રાજ્ય.

૧ સિંધમાં, ખૈરપુર સિવાય આખો સિંધ, ૨ કચ્છમાં નથી, ૩ ગુજરાતમાં અમદાવાદ જીલ્લો, ખેડા જીલ્લો, ભરૂચ જીલ્લો, સૂરત જીલ્લો, પંચમહાલ જીલ્લો, ૪ મહારાષ્ટ્રમાં થાણા જીલ્લો, કોલાબા જીલ્લો, રત્નાગીરી જીલ્લો, મુંબઇ બેટ, ખાનદેશ જીલ્લો, નાશિક જીલ્લો, અહમદનગર જીલ્લો, પુણા જીલ્લો, સતારા જીલ્લો, અને સોલપુર જીલ્લો, ૫ દક્ષિણ મહારાષ્ટ્રમાં કલાદગી જીલ્લો, બેલગાંવ જીલ્લો ધારવાડ જીલ્લો, કાનડા જીલ્લો, વગેરે.

ફીરંગીનાં સંસ્થાન—દીવ, દમણ અને ગોવા.

હબસીના સંસ્થાન—જાપૂરાબાદ ને જંજીરા એ ખંડણી આપતા નથી

મોટી નદીઓ -સિંધુ, ભાદર, શેંત્રુજી, બનાસ, સરસ્વતી, સાબરમતી, મહી, વિશ્વામીત્રી, ઢાઢર, નર્મદા, તાપી, ગોદાવરી, ભીમા, કૃષ્ણા મશ્રવો, વાત્રક, કીમ, શીના, નીરા, મુળામુઠા, પાંજરા, વગેરે.

પવિત્ર નદીઓ—સિંધુ,સરસ્વતી, સાબરમતી, નર્મદા, તાપી વગેરે

પર્વતો—પબ, હાલા, ગીરનાર, શેત્રુંજો, બરડો, આરાસુર, આબુ, પાવાગઢ, સાતપુડો, સંહ્યાદ્રિ, (પશ્ચિમઘાટ) અને ચાંદવડ વગેરે

બેટો -બેટ શંખોદ્ધાર, દીવ, ગોપનાથ, પીરમ, શિઆળ, મુંબઇ, વસઇ, ધારાપુરી, કરંજે, સાષ્ટી વગેરે.

બંદરો સિંધમાં કરાચી, કેટીબંદર શાહાબંદર. કચ્છમાં માંડવી, જખૌ, લખપત, તુણા, મુંદ્રા. ગુજરાતમાં જોડીઆ દ્વારકા. પોરબંદર. માંગરોલ, વેરાવલ, દીવબંદર જાફરાબાદ, મહુવા, ઘોઘા, ભાવનગર, ધોલેરા, ખંભાત, ભરૂચ, સુરત. મહારાષ્ટ્રમાં વસઇ, મુંબઇ, રાજાપુર, વિજયદુર્ગ, વગેરે. દક્ષિણ મહારાષ્ટ્રમાં ગોવા, કારવાડ, હોનાવર, વગેરે એમાં સૌથી મોટાં અને ઉપયોગી બંદરો ૩ છે. સિંધમાં કરાચી, મહારાષ્ટ્રમાં મુંબઇ, દક્ષિણ માહારાષ્ટ્રમાં કારવાડ.

જાત્રાનાં ઠેકાણાં—સિંધમાં હિંગળાજ, કચ્છમાં માતાજીનોમઢ, નારાયણસર, કોટેશ્વર, ગુજરાતમાં દ્વારકા, બેટસંખોદ્ધાર, ગીરનાર, પ્રભાસપાટણ, શેત્રુંજે, ડાકોર, બૈચરાજી, અંબાજી શામળાજી, સિદ્ધપુર, વડતાલ, શુકલતીર્થ, ચાણોદ, કન્યાળી, મહારાષ્ટ્રમાં નાશિક. ત્રંબક, પંઢરપુર, એ હિંદુઓનાં છે; ઉદવાડા પારસીઓનું છે; પીરાણા મુસલમાનોનું છે.

હવા ખાવાની જગ્યાએ—કચ્છમાં માંડવી, ગુજરાતમાં બાલાચડી વેરાવલ, ગોપનાથ. આબુ, ડુંગાર. માહારાષ્ટ્રમાં પુરંધર, ખંડાળા, મહાબળેશ્વર, ભીમડી, ભોરઘાટ, તીથલ, ડુમસ, વગેરે.

દ્વેપકલપ—કાઠિયાવાડ.

ખાત—કચ્છનો [અખાત] તથા ખંભાતનો અખાત

િશર—માંજ, જગતપોઈંટ, દીવ, રામસ.

સ્કરની છાવણી—કચ્છ-ભુજ, રાજકોટ, માલેગાંવ, ડીસા, વડોદરા, અમદાવાદ, પુણા, વગેરે,

વખણાયલી વસ્તુવાળાં શહેર.

શહેર	શું શું થાયછે
સિંધ હૈદરાબાદમાં	સોનેરી ભરત
કચ્છ ભૂજમાં	સોના રૂપાનો ઘાટ
" માંડવીમાં	રેશમી કાપડ
કચ્છ અને કાઠિયાવાડમાં	ઘોડા
કચ્છ અને કડી પ્રગણામાં	બળદ
કચ્છ અંજારમાં	દેશી ચપ્પુ
" માતાજીના મઢમાં	ફટકડી
જામનગરમાં	કંકુ, બાંધણી બંદૂક, મોતી.
ઊના અને ચોરવાડમાં	નાગરવેલનાં પાન
શિહોર અને નાશિકમાં	ત્રાંબા પીતળનાં વાસણ.
ભાલમાં	ઘઊં
બર્ડા અને ધ્રાંગધ્રામાં	પથ્થર
લાંગડીમાં	ચુડીઓ
અમરેલીમાં	ચોફાર અને ધોતીઆં
અમદાવાદમાં	રેશમી કાપડ
ગણદેવીમાં	ગોળ
ધોળેરામાં	રૂ
પાટડીમાં	વડાગરૂં મીઠું
વડનગરનાં	સતાર અને સારંગી

વિજાપુરમાં	અફીણ
કપડવંજમાં	કાચ
આત્રસુણામાં	લોઢાની છરી
ખંભાતમાં	સુત્રફેણી, અને અકીકના પથર પર નકશી.
સુરતમાં	બરફી
થાણામાં	અબોટીઆં
પેઠમાં	પાઘડી
બુરાનપુરમાં	શેલાં
રેવાકાંઠામાં	કાટ
જાફરાબાદમાં	ઘી.

બેવડાં નામ.

શિકારપુર .	ખોરાસાનની ભાગોળ
સિંધુ નદી	અટક અથવા ઇંડસ
કરાચી બંદર	દેવળગામ
નગરઠઠ્ઠા	બ્રાહ્મણાબાદ
કુચ્છ માંડવી.	રાયપર બંદર
કાઠિયાડ	સૌરાષ્ટ્ર
નવાનગર	જામનગર
સોમનાથપાટ્ટણ	પ્રભાસપાટ્ટણ
વડોદરા	વીરક્ષેત્ર

શેત્રુંજો	સિદ્ધાચળ
પોરબંદર	સુદામાપુરી
અમદાવાદ	રાજનગર
નર્મદા નદી	રેવા
ધરમપુર	રામનગર
સિદ્ધપુરપાટણ	અણહિલવાડ પાટણ
સંહ્યાદ્રી	પશ્ચિમઘાટ.

રાજાઓની અટક.

ખૈરપુરના	અમીર
કચ્છના	રાવ
પોરબંદરના	રાણા
ધ્રાંગધ્રા ને કાઠિયાવાડના	રાજ
ભાવનગર, કોલાપુર અને ઈડરના	મહારાજ
નવાનગરના	જામ
જુનાગઢ, રાંધણપુર, ખંભાત, સચીન અને વાડાશીનોરના	નવાબ
પાલણપુરના	દીવાન
વડોદરાના	ગાયકવાડ સરકાર

મુંબઈ ઈલાકામાં સૌથી મોટી નદી			સિંધુ
”	”	શાહેર	મુંબઈ

મુંબઇ	ઈલાકામાં સૌથી મોટું	બંદર	મુંબઈ
"	"	બેટ	મુંબઈ
"	"	પર્વત	સંહ્યાદ્રી
"	"	જીલ્લો	ખાનદેશ
"	"	દેશી રાજ્ય	વડોદરા
"	"	તાલુકો	ધંધુકા

ધર્મ—હિંદુ એ ધર્મના અનેક પંથ છે. તેમાં વૈશ્નવ, જૈન, શૈવ, રામાનુજ વગેરે. મુસલમાની જરસ્તોની (પારસી), ખ્રસ્તી, વગેરે.

ભાષા—સિંધી, કચ્છી, ગુજરાતી, મરાઠી. કાનડી. દક્ષિણી, વગેરે.

પેદાશ—ઘઊં, બાજરી, જુવાર, કઠોળ, અનાજ, તમાકુ, ગળી, સાણ, કંકુ, શેરડી, આદુ, મકાઇ, મહુડા, શણ, ઇમારતી લાકડાં, રૂ, ચોખા. મધ, સુરોખાર, લાખ, મીઠું, નાળિએર, એલચી, મરી. વગેરે.

રવાનગી—(પરદેશ જાયછે) લુગડાંનાં ચીથરાં, ચાંમડાં, રૂ, ઉન, હાડકાં, ઘઊં, સરસી, જુવાર. વગેરે

આમદાની—(પરદેશથી આવેછે) લોઢું, કોયલા, સોનું, ત્રાંબું, પીતળ, રૂપું, કાપડ, સંચાં, ચીની, વાસણ. ચા, ગાસ્લેટ, દીવાસળી, લોઢાનો સામન, કાચ, રબર, ગળી, કાગળ, ટીન વગેરે ઘણોજ વિલાયતી સામાન આવે છે.

વેપાર—મુંબઈ બંદરનો દર વરસે પરદેશ સાથે ૮૫ કરોડ રૂપીઆનો વેપાર ચાલેછે.

હવા—મુંબઇ ઇલાકાના દક્ષિણ ભાગમાં ગરમી થોડી પડેછે, ને ઠંડી

માફક છે. ઉત્તર ભાગમાં ગરમી તથા ઠંડી ઘણીજ પડે છે, મધ્ય ભાગમાં વરસાદ ઘણોજ વરસે છે.

નદીઓ.

સિંધુ નદી—હિમાલય પર્વતમાંથી નીકળી ૧૮૦૦ મૈલ વહી અરબી—સમુદ્રને મળે છે એના ઉપર સક્કર, બક્કર, હૈદ્રાબાદ, કોટડી, શિકારપુર, મીઆણી વગેરે શહેરો છે.

ભાદર—ગઢાવુના ડુંગરમાંથી નીકળી અરબી સમુદ્રને મળે છે. અને તે ઉપર જસદણ, જેતપુર, નવીબંદર વગેરે શહેરો છે.

શેત્રુંજી—ગીર પર્વતમાંથી નીકળી ખંભાતના અખાતને મળે છે, એના ઉપર શહેરો-ધારી, પાલીતાણા તળાજા.

બનાસ—શિરોઈના ડુંગરમાંથી નીકળી કચ્છના રણને મળે છે, એના ઉપર ડીસા અને રાંધણપુર.

સરસ્વતી—શિરોઈના ડુંગરમાંથી નીકળી કચ્છના રણને મળેછે, એના ઉપર સિદ્ધપુર છે.

સાબરમતી—મહીકાંઠાના પહાડમાંથી નીકળી ખંભાતના અખાતને મળેછે, એના ઉપર સાદરા અને અમદાવાદ.

મહી—માળવાના ડુંગરમાંથી નીકળી ખંભાતના અખાતને મળે છે એના ઉપર લુણાવાડા ને ખંભાત.

વિસ્વામીત્રી—રેવાકાંઠાના ડુંગરમાંથી નીકળી ખંભાતના અખાતને મળે છે; એના ઉપર વડોદરા.

દાઢર—રેવાકાંઠાના ડુંગરમાંથી નીકળી ખંભાતના અખાતને મળેછે, એના ઉપર ટંકારીઆ.

તાપી—સાતપુડા પર્વતમાંથી નીકળી ૪૦૦ મૈલ વહી ખંભાતના અખાતને મળેછે એના ઉપર બુરાનપુર, ધારન, રાંદેર માંડવી અને સુરત છે.

ગોદાવરી—સંહ્યાદ્રીમાંથી નીકળી ૯૦૦ મૈલ વહી બંગાળાના ઉપસાગરમાં પડેછે. એના ઉપર નાશિક.

નર્મદા—સાતપુડા પર્વતમાંથી નીકળી ૮૦૦ મૈલ વહી ખંભાતના અખાતને મળેછે, એના ઉપર ચાણોદ, કન્યાળી, નાંદોદ અને ભરૂચ છે.

ભીમા—સંહ્યાદ્રી પર્વતમાંથી નીકળી કૃષ્ણા નદીને મળે છે, એના ઉપર પંઢરપુર,

કૃષ્ણા—સંહ્યાદ્રી પર્વતમાંથી નીકળી ૮૦૦ મૈલ વહી બંગાળાના ઉપસાગરને મળેછે, એના ઉપર જમખંડી, કમળાપુર અને સાતારા છે.

વાત્રક—ડુંગરપુર પાસેથી નીકળી સાબરમતીને મળેછે, એના ઉપર માંડવા આત્રગુબા, અમદાવાદ, ને ખેડા છે.

સીના—સંહ્યાદ્રી પર્વતમાંથી નીકળી ભીમાને મળેછે, એના ઉપર અહમદનગર છે.

નીરા—સંહ્યાદ્રી પર્વતમાંથી નીકળી ભીમાને મળે છે, એના ઉપર ફુલટણ

મુળામુઠા—સંહ્યાદ્રી પર્વતમાંથી નીકળી ભીમાને મળે છે, એના ઉપર પુના

પાંજરા—સંહ્યાદ્રી પર્વતમાંથી નીકળી તાપીને મળેછે, એના ઉપર ધુળીઆ

નદીઓના સંગમ.

સાબરમતીને—વાત્રક, ભોગાવો, હાથમતી અને ખારી.
વાત્રકને—મેશ્વો, શેઢી, માઝુમ,
શેઢીને—મોહોર ને લુણી.
નર્મદાને—ઉમરાવતી.
તાપીને—પુર્ણા, પાંજરા, ગીરણા.
ઢાઢરને—વિશ્વામિત્રી
ભીમાને—સીના. નીરા, મૂળામુઠા.
કૃષ્ણાને—ભીમા, તુંગભદ્રા, પંચગંગા, ઘટપ્રભા, મલપ્રભા વાર્ણા.
કાવેરીને—ખરેરા, અંબીકા
ખંભાતના અખાતને મળનારી નદીઓ—શેત્રુંજી, સાબરમતી મહી વિશ્વમીત્રી, ઢાઢર, તાપી નર્મદા વગેરે
કચ્છના રણને મળનારી નદીઓ—બનાસ, સરસ્વતી, મચ્છુ, પૂલકુ, બાંભણ
અરબી સમુદ્રને મળનારી નદીઓ—સિંધુ, ભાદર.
કચ્છના રણને મળનારી નદીઓ—આજી.
બંગાળાના ઉપસાગરને મળનારી નદીઓ—ગોદાવરીને કૃષ્ણા.

સિંધ પ્રાંત.

આ પ્રાંત ઇ. સ. ૧૮૪૩માં અંગ્રેજ સરકાર સરચાર્લસ નેપીયરે

મીરો પાસેથી જીત્યો છે એમાં મુસલમાનની વસ્તી ઘણી છે. રહેવાશી સિંધી કહેવાય છે.

સીમા—ઉત્તરે બલુચિસ્તાન અને પંજાબ, પુર્વે જેસલમીરનું રણ તથા રજપુસ્તાન, દક્ષિણે કચ્છનું રણ તથા અરબી સમુદ્ર, પશ્ચિમે હાલા તથા સુલેમાનના ડુંગરો.

ભાગ	મુખ્ય શહેર
૧ સિંધનો ઉપલો સરહદનો મુલક	જેકમાબાદ
૨ શિકારપુર જીલ્લો	શિકારપુર
૩ હૈદ્રાબાદ જીલ્લો	હૈદ્રાબાંદ
૪ કરાચી જીલ્લો	કરાચી
૫ થરપારકર જીલ્લો	ઉમરકોટ
૬ ખૈરપુર સંસ્થાન (દેશી રાજ્ય)	ખૈરપુર

મોટી નદી	સિંધુ.
પર્વત	હાલા, પબ.
સરોવર	મંચર (ખારૂં છે,)
રણ	થરપારકરનું
દેશી રાજ્ય	ખૈરપુર.
બંદર	કરાચી, કેટીબંદર (ઘોડાબારી) શાહબંદર
ભૂશીર	માંજ
બેટ	મનોરા
ભાષા	સિંધી અને બલુચી.

પેદાશ—ઘઉં, બાજરી, જુવાર, ચોખા, કપાસ, દિવેલી વગેરે. આ

દેશમાં વરસાદ થોડા વરસે છે તેથી ખેતીનો મુખ્ય આધાર સિંધુ નદીના પાણી પર છે.

શહેરો—કરાચી એ સિંધમા સૌથી મોટું શહેર છે, વેપારનું મુખ્ય બંદર છે, સિંધની રાજધાનીનું શહેર છે, જ્યાં આ પ્રાંતનો મોટો હાકેમ કમીશનર સાહેબ રહેછે. એ શેહેરમાં જોવા લાયક ઠેકાણાં ઘણાંછે. તે સિવાય—ઉમરકોટમાં પ્રખ્યાત હિંદુસ્તાનનો બાદશાહ અકબર ઇ. સ. ૧૫૪૩માં જનમ્યો હતો. બીજા શહેર—જેકમાબાદ. ઠઠ્ઠા, સક્કર, બક્કર, રોહડી, સેવાન, લારખાના કોટડી, શાહબંદર, મીઆણી, ટન્ડાઅલાયાર, ટન્ડા મહમદખાન, ગુની, ઘોટકી, શિકારપુર, હૈદ્રાબાદ, વગેરે.

કચ્છ પ્રાંત

આ પ્રાંતના રાજા રાવ કેહવાય છે, તે જાડેજા રજપૂત છે. આ પ્રાંતમાં પોલીટીકલ એજંટ સાહેબની છાવણી ભૂજમાં છે; અહીંના રહેવાશી કચ્છી કહેવાય છે તેઓ દૂર દેશોનું દેશાટન કરેછે.

સીમા—ઉત્તરે તથા પૂર્વે કચ્છનું રણ દક્ષિણે કચ્છનો અખાત, પશ્ચિમે અરબી સમુદ્ર છે. અસલ એ પ્રાંતના ૧૬ વિભાગો હતા હાલ ૮છે.

વિભાગો—હાલ આ પ્રાંતના ૮ તાલુકા થયેલા છે. ૧ રાપર તાલુકો, ૨ ભચાઊ તાલુકો, ૩ અંજાર તાલુકો, ૪ ભૂજ તાલુકો, ૫ અબડાસા તાલુકો, ૬ મુંદ્રા તાલુકો, ૭ માંડવી તાલુકો, અને લખપત તાલુકો.

રાપર તાલુકો મુખ્ય શહેર ગઢડો.
અબડાસા તાલુકો „ જખૌ.

બાકીના તાલુકાના મુખ્ય શહેર તેજ નામનાં છે.

નદીઓ—નાગમતી, ખારી, રૂકમાવતી, કનકાવતી, વગેરે નાની નદીઓ છે.

પર્વત—કાળો, નનામો, ધીણોધર.

બંદર—લખપત, જખૌ, માંડવી, મુંદ્રા, તુણા વગેરે.

અખાત—કચ્છનો.

ભાષા—કચ્છી,

રણ—કચ્છનું.

પેદાશ—ઘઊં, બાજરી, જુવાર, મગ, અડદ, શેરડી, રૂ, રાઈ, વગેરે.

શહેરો-ભૂજ એ રાજધાનીનું શહેર છે. એમાં પ્રાગ મહેલ જોવા જોગ છે. ઈ. સ. ૧૮૧૯માં ધરતીકંપથી આ શહેરનો લગભગ નાશ થયો હતો. તે સિવાય-માંડવી અંજાર, મુંદ્રા, લખપત, જખૌ, તેરા, કંથકોટ, કોઠારા, નળીઆ, તુણા, કેરા, રાપર, આધોઈ, કોટેશ્વર, નારાયણસર, લાકડીયું, ગઢડો માતાજીનો મઢ, વગેરે.

ગુજરાત પ્રાંત

સીમા—ઉત્તરે કચ્છનું રણ, પુર્વે માળવા ને ખાનદેશ, દક્ષિણે થાણા જીલ્લો અને અરબી સમુદ્ર, પશ્ચિમે કચ્છનો અખાત ને અરબી સમુદ્ર છે

વિભાગો—આ પ્રાંતમાં ૧૩ વિભાગો છે, તેમાં ૮ દેશીરાજ્ય, ને ૫ જીલ્લા છે.

૧ સુરત જીલ્લો	સુરત
૨ ભરૂચ જીલ્લો	ભરૂચ
૩ ખેડા જીલ્લો	ખેડા
૪ પંચમહાલ જીલ્લો	ગોધરા અને દાહોદ
૫ અમદાવાદ જીલ્લો	અમદાવાદ
૧ કાઠિયાવાડ એજન્સિ	રાજકોટ
૨ પાલણપુર એજન્સિ	પાલણપુર અને ડીસા
૩ મહિકાંઠા એજન્સિ	સાદરા અને ઈડર
૪ રેવાકાંઠા એજન્સિ	નાંદોદ, દેવગડબારીઆ, લુણાવાડા
૫ ખંભાત સંસ્થાન	ખંભાત
૬ ગાયકવાડનો મુલક	વડોદરા
૭ પંચમહાલ એજન્સિ	નારૂકોટ
૮ સુરત એજન્સિ	વાંસદા, ધરમપુર, સચીન.

નદીઓ—નર્મદા, તાપી, મહી, સાબરમતી, શેત્રુંજી, સરસ્વતી બનાસ, વાત્રક, મેશ્વો, શેઢી, ઢાઢર, આજી વગેરે,

પર્વત—સાતપુડો, આબુ, પાવાગડ. ગીરનાર, શેત્રુંજો વગેરે.

બંદર—દ્વારકા, પોરબંદર, માંગરોલ, વેરાવલ, દીવ બંદર, મહુવા, ભાવનગર, ખંભાત, સુરત, ભરૂચ, વગેરે.

બેટ—બેટસંખોદ્ધાર, પીરમ, દીવ, ગોપનાથ વગેરે.

અખાત—ખંભાતનો.

ભાષા—ગુજરાતી, ને રહેવાશી પણ ગુજરાતી કહેવાય છે.
ફીરંગીના સંસ્થાન—દીવ, દમણ.
હબસોનો તાલુકો—જાફરાબાદ.
પેદાશ—ઘઊં, બાજરી, જુવાર, રૂ, શેરડી, તમાકુ, આદુ, કંદ, વગેરે
પ્રાચીન રાજધાનીઓ—દ્વારકા, પંચાસર, વલભીપુર, અણહિલવાડ
હાલની રાજધાની—અમદાવાદ.
શહેરો—સુરત, એ શહેરમાં અંગ્રેજોએ ઇ. સ. ૧૬૬૨માં કોઠી કરી હતી. તે સિવાય અમદાવાદ, ભરૂચ, ખેડા, ભાવનગર, વડોદરા, નવાનગર રાજકોટ, પોરબંદર, મોરબી, ગોંડલ, ડીસા, સિદ્ધપુર, પાલણપુર, ગોધરા ખંભાત, ધરમપુર, સચીન, વગેરે ઘણાં છે.

ઊત્તર મહારાષ્ટ્ર.

(દક્ષિણ)

ભાગ	મુખ્ય શહેર.
૧ ખાનદેશ જીલ્લો	ધુળીઆ
૨ નાશિક જીલ્લો	નાશિક
૩ અહમદનગર જીલ્લો	અહમદનગર
૪ પુણા જીલ્લો	પુણા
૫ સતારા જીલ્લો	સતારા
૬ સોલાપુર જીલ્લો	સોલાપુર

૭ અક્કલકોટ સંસ્થાન	અક્કલકોટ
૮ પેંઠ સંસ્થાન	પેંઠ
૯ ખાનદેશ એજન્સિ	
૧૦ સતારા જાગીર	ભોર, ફલટણ, ઔંધ, જત.

નદીઓ—ગોદાવરી, ભીમા, સીના, ગીરણા, નીરા, મુળામુઠા, કૃષ્ણા.
પર્વત—ચાંદવડ, સાતપુડો, સંહ્યાદ્રીનો ભાગ.
ભાષા—કાનડી, મરાઠી.
પેદાશ—અનાજ, રૂ, તમાકુ, શેરડી, મહુડા, મધ, લાખ, ડાંગર, શણ, સુરોખાર વગેરે.
દેશી રાજ્યો—ભોર, નીંબાળકર, ફલટણ ઔંધ, જત, પેંઠ, અક્કલકોટ, ડફ્ળે વગેરે.
મોટા શહેરો—ધુળીઆ, પુના, અહમદનગર, માલેગામ, સતારા, નંદુરબાર, ચોવલે, મનમાડ, પંઢરપુર, કોરેગામ, નિપ્રર, જુન્નર મહાબળેશ્વર, વગેરે, મુંબઇના ગવર્નર સાહેબ ઉનાળાના દહાડામાં હવા ખાવા વાસ્તે મહાબળેશ્વર જાય છે.

ઊત્તર મહારાષ્ટ્ર.

(કેકણ)

ભાગ	મુખ્ય શહેર
૧ થાણા જીલ્લો	થાણા
૨ કુલાબા જીલ્લો	અલીબાગ

૩ રત્નાગીરી જીલ્લો	રત્તનાગીરી
૪ જવ્હાર સંસ્થાન	જવ્હાર
૫ જંજીરા સંસ્થાન	જંજીરા
૬ સાવંતવાડી સંસ્થાન	સાવંતવાડી.

નદી —અંબા.

પર્વત—સંહ્યાદ્રી.

ભાષા—મરાઠી.

પેદાશ—ચોખા, નાગલી, સોપારી, હરડા, મીઠું વગેરે.

શાહેરો—મુંબઇ, થાણા, અલીબાગ, રત્નાગીરી, કલ્યાણ, વાંદરા, વિંગોરલા માહીમ, દેહેણું, અગાસી, વસાઇ, પનવેલ, વિજયદુર્ગ, રાજાપુર, વગેરે.

હકીકત—મુંબઇ ઈલાકાનું મુખ્ય શેહેર મુંબઇ છે, એ મોટું વેપારનુ બંદર છે. એ શાહેર ઇ. સ. ૧૬૬૧માં ઈંગ્લાંડના બાદશાહ ચાર્લસ બીજાને પહેરામણીમાં પોર્તુગાલના બાદશાહ પાસેથી મળ્યું હતું. તેમાં જોવા લાયક ઠેકાણાં—ટંકશાળ, યુનિવર્સિટી હૉલ, રાજાબાઈ ટાવર, ક્રાફર્ડ મારકીટ, રાણીનો બાગ, એલફીન્સ્ટન કૉલેજ, વિકટોરીઆ ટર્મીન્સ (નવું સ્ટેશન) ને મ્યુનિસિપલ ઓફીસ.

દક્ષિણ મહારાષ્ટ અને ઊત્તર કાનડા.

ભાગ	મુખ્ય શહેર
૧ કલાદગી જીલ્લો	કલાદગી

૨ બેલગાંમ જીલ્લો	બેલગાંમ
૩ ધારવાડ જીલ્લો	ધારવાડ
૪ ઉત્તર કાનડા જીલ્લો	કારવાડ
૫ કોલાપુર સંસ્થાન	કોલાપુર
૬ સાવનુર સંસ્થાન	સાવનુર
૭ દક્ષિણ મરાઠા જાગીર	સાંગલી, જમખંડી, મીરજ કુરૂંદવાડ, મુધોળ ને રામદુર્ગ

નદીઓ—કૃષ્ણા, વારણા તુંગભદ્રા વગેરે.

પર્વત—સંહ્યાદ્રી.

ભાષા—મરાઠી ને કાનડી.

પેદાશ—અનાજ, લાકડાં, ધાતુનો સામાન, દેશી કાપડ, તમાકુ, ડાંગર, વગેરે.

શહેરો—કલાદગી, બેલગાંવ, ધારવાડ, સદાશીવગઢ. વીજાપુર, બાગલકોટ, કુંપટા, હોનાવર, કોલાપુર, ગોવા, બંકાપુર, હુબલી, વગેરે,

દેશી રાજ્યો—કોલાપુર, સાવનુર, દક્ષિણ મરાઠા જાગીર.

---

૧ સુરત જીલ્લો.

મોટા શહેર—સૂરત, ચીકલી, વલસાડ, જલાલપુર, માંડવી, રાંદેર, ઓરપાડ, ઉદવાડા, ઓધાન, અમલસાડ, કતારગાંવ, વાલોડ, વગેરે.

નદીઓ—તાપી, કીમ, પુર્ણા, દમણગંગા, પાર, કોલક, વગેરે.

બંદર—સુરત, વલસાડ, વગેરે

પર્વત—પારનેરા, ટુંગાર, વગેરે.

પેદાશ—ડાંગર, રૂ, ઘઊં, બાજરી, દીવેલી, કોદરા, શેરડી ને કેળાં.

ભાષા—ગુજરાતી.

હકીકત—સુરત શહેરમાં અંગ્રેજોએ ૧૬૧૨માં કોઠી કરી હતી. હાલ. રેલ તથા આગની અડચણથી એ શહેર માઠી હાલતમાં આવી ગયું છે.

---

૨ ભરૂચ જીલ્લો

મોટાં શહેરો—ભરૂચ, અંકલેશ્વર, વાગરા, આમોદ, દેગામ, શુકલતીર્થ વિલાયત, ટંકારીઆ, વગેરે.

નદીઓ—નર્મદા, મહી, ઢાઢર, ઊમરાવતી વગેરે.

બંદર—ભરૂચ.

પેદાશ—રૂ, અનાજ, તમાકુ, દીવેલી, ડાંગર, ચણા, વગેરે.

હકીકત—શુકલતીર્થ-એ જાત્રાનું ઠેકાણું છે, એ શહેરની પાસે કબીર વડ છે.

---

૩ ખેડા જીલ્લો.

મોટાં ગામ—ખેડા, કપડવંજ, ઠાસરા, મહુમદાવાદ, આત્રસુબા, ડાકોર વડતાલ, વાસદ, બોરસદ, વગેરે.

નદીઓ—મહી, શેઢી, મોહોર, વાત્રક. મેશ્વો, વગેરે.
પેદાશ—ડાંગર, બાજરી, જુવાર, શેરડી, કપાસ, કસુંબી, વગેરે.
હકીકત—ડાકોર જાત્રાનું ઠેકાણું છે. એમાં રણછોડજીની મુર્તિ છે. ગોમતી તળાવ છે. વડતાલમાં સ્વામીનારાયણનું ધામ છે.

૪ પંચમહાલ જીલ્લો.

મોટાં શહેર—ગોધરા, દાહોદ, હાલોલ, કાલોલ, ચાંપાનેર, વેજલપુર વગેરે
નદી—મહિ.
પર્વત—પાવાગઢ.
ડુંગરી કીલ્લો—ચાંપાનેર.
પેદાશ—ઘઊં, ડાંગર, મકાઈ, બાજરી, તલ, મહુડા, લાકડાં, વગેરે.
હકીકત—આ જીલ્લો અગાઉ સિંધીઆના તાબામાં હતો, હાલ અંગ્રેજ સરકારના તાબામાં છે ગોધરા શહેર પાસે ઊના પાણીના કુંડ છે.

૫ અમદાવાદ જીલ્લો.

મોટાં ગામ—અમદાવાદ, વીરમગામ, ધોળકા, ધંધુકા ઘોઘા, સાણંદ, પાટડી, ધોલેરા, બાવળા, ગાંગડ, ચોરવડોદરા, ખારાઘોડા, સર્ખેજ, વગેરે.
નદીઓ—ભાદર. માજુમ, વાત્રક, મેશ્વો, સાબરમતી વગેરે.
બંદર—ધોળેરા, ઘોઘા.

બેટ—પીરમ.

તળાવ—મુનસર, મલાવ, કાંકરીઆ, ગંગાસર, વગેરે.

પેદાશ—બાજરી, ચણા, આદુ, સેરડી, રૂ, ડાંગર, ગોળ, તમાકુ, વડાગરૂમીઠું, વગેરે.

હકીકત—અમદાવાદ શહેર ઈ. સ ૧૪૧૨ની સાલમાં અમદશાહે વસાવ્યું. હાલ તે ગુજરાતની ગાદીનું શહેર ગણાય છે તે શહેરમાં ટ્રેનિંગ કૉલેજ, રાજકુમાર કૉલેજ, વગેરે છાપખાનાં ઘણાંજ છે, રાણપુરમાં જુનો પડી ગયલો કીલ્લો છે.

---

૧ કાઠિયાવાડ એજન્સિ

ભાગ	મુખ્ય શહેર
૧ ઝાલાવાડ	ધ્રાંગધ્રા
૨ ગોહિલવાડ	ભાવનગર
૪ ઊંડસરવૈયા	ડાંઠા
૪ બાબરીઆવાડ	જાપૂરાબાદ
૫ બરડો	પોરબંદર
૬ સોરઠ	જુનાગઢ
૭ કાઠિયાવાડ	રાજકોટ
૮ હાલાર	જામનગર
૯ મચ્છુકાંઠો	મોરબી
૧૦ ઓખામંડલ	દ્વારકા.

નદીઓ— ભાદર, મચ્છુ, શેત્રુંજી. આજી વગેરે.
બંદર— ઘોઘા, ભાવનગર, મહુવા, દીવબંદર, વેરાવલ, પોરબંદર, જોડીઆ, દ્વારકા, સલાયા, વગેરે.
બેટ—દીવ, પીરમ, બેટસંખોદ્ધાર વગેરે.
હવાખાવાની જગાઓ—વેરાવલ, બાલાચડી, ગોપનાથ વગેરે.
જાત્રાનાં ઠેકાણાં -દ્વારકા, ગીરનાર, શેત્રુંજો પ્રભાસપાટણ વગેરે.
પર્વત—ગીરનાર. શેત્રુંજો વગેરે.
શહેરો—રાજકોટ, ભાવનગર, જાફરાબાદ, જામનગર, મોરબી, જસદણ, વાંકાનેર ધ્રાંગધ્રા, સોનગઢ, ધોરાજી, વઢવાણ, લીંબડી, વગેરે
પેદાશ—બાજરી, જુવાર, ઘી. ઘોડા, તલ, શેરડી, ઉન, રૂ, વગેરે.
હકીકત—રાજકોટ એ મોટું શહેર છે. તેમાં એ પ્રાંતનો મોટો હાકેમ પોલીટીકલ સાહેબ છાવણી રાખીને રહેછે, એ શહેરમાં જોવા લાયક જગાઓ ઘણી છે.

---

૨ પાલણપુર સંસ્થાન.

શહેરો—પાલણપુર, રાંધણપુર, ડીસા, ભાભર, થરાદ, સુઇગામ વગેરે.
નદીઓ—બનાસ, સરસ્વતી, નીમરાખી, વગેરે.
પર્વત—આરાસુર, અંબાજી, શીરોઇ, વગેરે.
લશ્કરની છાવણી—ડીસા.
પેદાશ—બાજરી, જુવાર, ઘઉં, મગ, મઠ, શેરડી, રૂ, વગેરે

---

૩ મહિકાંઠા એજન્સિ.

શહેર—સાદરા, ઈડર, માણસા, પેથાપુર, અહમદનગર, દાંતા, ઈડોલા વગેરે.

નદીઓ—વાત્રક, ખારી, મેશ્વો, સાબરમતી, વગેરે.

પર્વત—આરાસુર.

જાત્રાનાં ઠેકાણાં—અંબાજી, સામળાજી, વગેરે.

પેદાશ—બાજરી, જુવાર, ઘઊં, તમાકુ, અફીણ, વગેરે.

---

૪ રેવાકાંઠા એજન્સિ.

શહેર—નાંદોદ, છોટાઉદેપુર, દેવગઢબારીઆ, લુણાવાડા, સુંથ, નારૂકોટ, વીરપુર, વગેરે.

નદીઓ—મહિ, નર્મદા, ઢાઢર, વિશ્વામીત્રી, વગેરે.

પર્વત—રાજપીપળા.

પેદાશ—ઇમારતી લાંકડાં, રૂ, બાજરી, ઘઊં, જુવાર, વગેરે.

હકીકત—એ રેવાનદીની આસપાસનો મુલક છે જેથી તેનું નામ રેવાકાંઠો, પડયું છે.

---

૫ ગાયકવાડ સંસ્થાન.

શહેર—વડોદરા એ રાજધાનીનું શહેર છે, તે સિવાય ડભોઇ, ઈટોલા,

નવસારી, પાટણ, સિદ્ધપુર, વડનગર, વિશનગર, કોડીનાર, ગણુદેવી. દ્વારકા, વગેરે.
નદીઓ—સરસ્વતી, વિશ્વામીત્રી, ઢાઢર, તાપી, વગેરે.
પેદાશ—ઘઊં, બાજરી, જુવાર, વગેરે.

---

૫ ખંભાત સંસ્થાન.

શહેર—ખંભાત. બંદર—ખંભાત.
નદી—મહિ, સાબરમતી.
પેદાશ—ઘઊં, બાજરી, જુવાર, મીઠું, રૂ, અફીણ, ગળી, શેત્રંજી, અકીકનાં પથ્થર વગેરે.
હકીકત—એ શહેરમાં સુત્રફેણી ઘણી સરસ બને છે.

---

૭ પંચમહાલ એજન્સિ

શહેર—નારૂકોટ. પેદાશ—ઈમારતી લાકડું.
હકીકત—પંચમહાલ એજન્સિમાં ગવર્નરનો એજંટ રહે છે.

---

૮ સુરત એજન્સિ.

શહેર—ધરમપુર, વાંસદા, સચીન, બીનાર, વગેરે,

નદીઓ—કાવેરી, અંબીકા, દગણુ ગંગા, ખરેરા વગેરે.
પેદાશ—ઘઊં, બાજરી, જુવાર, મહુડા, ઈમારતી, લાકડું વગેરે.
હકીકત—એમાં ખાદીનું કાપડ ઘણું સરસ બને છે; વાંસદામાં દેવકી ઉનાઇનો કુંડ છે.

શહેર વર્ણન.

હૈદ્રાબાદ—એ અસલ સિંધ પ્રાંતની રાજધાનીનું શહેર હતું. એમાં સોનેરી ભરતનું કામ, અને હાથીદાંતનું કામ સારૂં થાયછે. ત્યાં મીર લોકોની કબરો જોવા જોગ છે.

ઠઠ્ઠા—એ ઘણુંજ અસલી જુનું શહેર છે. અગાઉ તે ઘણું મોટું શહેર હતું, પણ હાલ પડી ભાંગ્યું છે.

કરાચી—એ શહેરમાં વેપાર ઘણોજ ચાલેછે, હાલ તે સિંધ પ્રાંતની રાજધાનીનું શહેર છે, એમાં અંગ્રેજ લોકોની મોટી મોટી આફીસો તથા ગોદીઓ (કારખાના) છે; એમાં જોવા લાયક ઠેકાણાં ઘણાં છે. સિંધ પ્રાંતનો મોટો હાકેમ કમીશનર સાહેબ એ શેહેરમાં રહે છે.

ભૂજ—એ કચ્છ પ્રાંતની રાજધાનીનું શહેર છે. એમાં ભરતનું કામ તથા સોના રૂપાનું કામ સારૂં થાય છે. કચ્છનો પોલીટીકલ સાહેબ એ શહેરમાં રહેછે. એમાં જોવા લાયક ઠેકાણાં ઘણા છે. તેમાં મુખ્ય બાગ મહેલ જોવા જોગ છે.

માંડવી—એ કચ્છનું સૌથી વધારે વસ્તીવાળું ને વેપારમા પેહેલ

નંબરનું બંદર છે. તેમાં વેપાર ઘણો ચાલેછે, ત્યાંના ખલાસી બહુ હુશિયાર ગણાય છે.

દ્વારકા—એ અસલ ગુજરાતની રાજધાનીનું શહેર હતું, હાલ તે ગાયકવાડ સરકારને તાબેછે, તે જાત્રાનું ઠેકાણું છે તેથી ત્યાં ઘણાં લોકો તીર્થ કરવા જાય છે.

રાજકોટ—એ કાઠિયાવાડમાં મોટું શહેરછે, ત્યાં પોલીટીકલ એજંટ સાહેબ છાવણી રાખી રહેછે. ત્યાં જોવા જોગ ઠેકાણાં ઘણાં. છે. રાજકુમાર કૉલેજ તથા ટ્રેનીંગ કૉલેજ પણ તે શહેરમાં છે

અમદાવાદ—એ અહમદશાહે ઈ. સ. ૧૪૧૨માં વસાવ્યું. હાલ તે ગુજરાતની રાજધાનીનું શહેર છે, ત્યાં રાજકુમાર કૉલેજ તથા ટ્રેનીંગ કૉલેજ છે.

ચાંપાનેર—એ શહેર ચાંપા પ્રધાને રાજા વનરાજના વખતમાં વસાવ્યું હતું હાલ તે તુટી ગયુ છે.

વડોદરા—એ ગાયકવાડ સરકારની રાજધાનીનું શહેર છે, ત્યાંના રાજા મરેઠા કહેવાય છે.

પુના—અગાઉ એમાં પેશ્વાની રાજધાની હતી હાલ અંગ્રેજને તાબેછે ત્યાં લશ્કર રહે છે.

સુરત—એ તાપી નદીને કાંઠે મોટું બંદર છે. અગાઉ તેમાં વેપાર ઘણો ચાલતો હતો, તેમાં વલંદા લોકોએ પહેલાં વેપારની કોઠી નાખી હતી. હાલ તે શહેર આગ તથા રેલની હાલતથી ખરાબ હાલતમાં આવી ગયું છે.

મુંબઈ—એ શહેર ૧૬૬૧માં ફીરંગી લોકો પાસેથી અંગ્રેજોને કન્યાદાન-

માં મળ્યું છે, તેમાં વેપાર ઘણો ચાલેછે, મુંબઈ ઇલાકાની રાજધાનીનું શહેર છે, એમાં ગવર્નર સાહેબ રહેછે. એમાં ઈનસાફ કરવાની મોટી કચેરીઓછે, જોવાજોગ ઠેકાણાં ઘણાંછે.

નાશિક—એ ગોદાવરી નદી ઉપર હિંદુઓનું તીર્થનું ઠેકાણું છે.

અહમદનગર—એ સીના નદી ઉપર છે એમાં અગાઉ મુસલમાન બાદશાહોની રાજધાની હતી. બહાદુર ચાંદબીબી આ શહેરમાં થઈ ગઈ છે.

મહાબળેશ્વર—એ શહેરમાં ગવર્નર સાહેબ તથા બીજા અમલદારો ગરમીના દહાડામાં હવા ખાવા જાય છે.

સોલાપુર—એ રેલવેનું મોટું સ્ટેશન છે, ત્યાં બારસી વગેરેનું રૂ આવેછે,

---

નીચે લખ્યું શું શું છે? તે નકશામાં બતાવો.

અ—અમદાવાદ, અકલકોટ, અહમદનગર, અલીબાગ, આરાસુર, આબુ, આમોદ.

ઈ—ઈડર.

ઊ—ઊદવાડા. ઉત્તર મહારાષ્ટ.

અં—અંજાર.

ક—કંથકોટ, કરાચી, કૃષ્ણા, કપડવંજ, કનાબી, કારવાડ કોલાપુર કલાદગી, કોટેશ્વર.

ખ—ખૈરપુર, ખેડા. ખંભાત, ખંડાળા.

ગ—ગીરનાર, ગોધરા, ગોવા, ગોંડલ.

ઘ—ઘોઘા.

ચ—ચાંદવાડ, ચાંપાનેર.

જ—જુનાગઢ, જામનગર, જાફ્રાબાદ, જેકમાબાદ, જોડીઆ જેતપુર જમ્બૌ, જવ્હાર, જસદણ, જંજીરા, જમખંડી.

ટ—ટંકારીઆ.

ઠ—ઠઠ્ઠા.

ડ—ડાકોર, ડીસા, ડભોઇ.

ત—તળાજા, તુણા, ત્ર્યંબક, તાપી.

થ—થરપારકર, થાણા.

દ—દમણગંગા, દમણ, દીવ, દ્વારકા.

ધ—ધોળકા, ધોળેરા, ધ્રાંગધ્રા, ધરમપુર, ધુળીઆ, ધારવાડ.

ન—નગરપારકર, નવાનગર, નાંદોદ, નાશિક, નવીબંદર, નશરાબુસર, નર્મદા, નીરા, નીમાડ

પ—પોરબંદર પાવાગઢ, પંઢરપુર, પાલીટાણા પ્રભાસપાટ્ટણ, પાલણપુર, પુણા, પુરંધર, પેઠ, પંચગંગા.

ફ—ફલટણ.

બ—બુરાનપુર,

ભ—ભરૂચ, ભુજ, ભાવનગર, ભાલ, ભોર. ભીમા.

મ—મેહમદાબાદ માંડવી, (કચ્છ) મુંબઇ, માંગરોલ, મહુવા મીરજ,

ર—રાજાપુર, રત્નાગીરી, રાજકોટ, રાંધણપુર,

લ—લુણાવાડા, લીંબડી, લુણી.

વ—વડોદરા, વિજાપુર, વલ્લભીપુર, વેરાવલ, વાંસદા, વસાઇ વિજયદુર્ગ વીરમગામ.

શ—શિકારપુર, શિરોઈ, શેત્રુંજો.

સ—સદાશીવગઢ, (કારવાડ) સાદરા સાવનુર, સોલાપુર, સૂરત, સરસ્વતિ, સિધપુર, સાબરમતી, સાષ્ટી, સચીન, સતારા, સાંગલી, સાવંતવાડી, સીના, સાતપુડા, સંહ્યાદ્રી,

હ—હૈદ્રાબાદ, (સિંધ) હોનાવર, હાલોલ.

જમીનની વ્યાખ્યા.

ખંડ—જમીનના મોટા ભાગ જેમાં ઘણા દેશો આવેલા હોય તેને ખંડ કહેછે.

બેટ—જમીનનો જે ભાગ ચો તરફ પાણીથી વીંટાયલો હોય તેને બેટ (દ્વિપ કે ટાપુ) કહેછે. બેટથી ઉલટું તળાવ.

દ્વિપકલ્પ -જમીનના જે ભાગની ત્રણ બાજુએ પાણી અને એક બાજુએ જમીન આવેલી હોય તેને દ્વિપકલ્પ કહેછે.

ભૂશિર—જમીનની અણી લાંબી થઈ સમુદ્રમાં ગએલી હોય તેને ભૂશિર, ભુશલાકા, કેપ, હેડ અથવા બિંદુ કહેછે. ભૂશિરથી ઉલટો અખાત.

સંયોગીભૂમી—જે સાંકડો જમીનનો ભાગ, જમીનના બે મોટા ભાગને સાંધે છે તેને સંયોગીભૂમી કહે છે. સંયોગીભૂમીથી ઉલટી સામુદ્રધુની.

ખીણ—ડુંગર કે પર્વતની વચ્ચેના નીચા પ્રદેશને ખીણ કહેછે.

પર્વત—જમીનના વધારે ઊંચા ભાગને પર્વત કહેછે.

મેદાન—સપાટ જમીનના વિશાળ પ્રદેશને મેદાન કહેછે.

બંદર—નદી કે દરીઆ કીનારે જે શેહેર આવેલું હોય અને વાહાણથી માલ ચડતો ઉતરતો હોય તેને બંદર કહેછે.

સ્ટેશન—જે જગાએ આગગાડીમાં ચડાતું ઉતરાતું હોય તેને સ્ટેશન કહેછે.

જીલ્લો—સરકારના ખાલસા મુલકને જીલ્લો કહેછે. જીલ્લાના ઉપરી અમલદારને કલેકટર કહેછે.

એજન્સિ—જે ભાગમાં નાના મોટા ખંડીઆ રાજા રાજ કરતા હોય તેવા મુલકને એજન્સિ કહેછે. એજન્સિના ઉપરી અમલદારને પોલીટીકલ એજંટ કહેછે.

પાણીની વ્યાખ્યા.

મહાસાગર—પૃથ્વીના મોટા ભાગ ઉપર ફેલાયલા ખારા પાણીના જે સમુદાય તેને મહાસાગર કહે છે.

સમુદ્ર—ખારા પાણીનો જે ભાગ મહાસાગર કરતાં નાનો હોય તેને સમુદ્ર, કે સાગર કહેછે.

ભરત—સમુદ્રનું પાણી વારા પૂરતી ચડે તેને ભરતી કહેછે.

ઓટ—સમુદ્રનું પાણી વારા પૂરતી ઉતરે તેને ઓટ. કહેછે.

અખાત—સમુદ્રનો જે ફાંટો લાંબો થઈ જમીનમાં પેઠેલો હોય, તેને અખાત કહેછે અખાતથી ઉલટો ભુશીર.

ઉપસાગર—અખાતનું મોઢું પોહોળું હોય તેને ઉપસાગર કહે છે.

સામુદ્રધુની—જે નાનો પાણીનો ભાગ પાણીના બે મોટા ભાગને સાંધેછે તેને સામુદ્રધુની કહે છે. એથી ઉલટી સંયોગીભૂમી.

સરોવર—પાણીનો જે ભાગ જમીનથી ચોતરપ઼ ઘેરાયલો હોય, તેને સરોવર કહેછે.

તળાવ—સરોવર કરતાં નાનું હોય તેને તળાવ કહેછે. તળાવથી ઉલટો બેટ.

નદી—મીઠા પાણીનો જે પ્રવાહ પર્વતમાંથી કે સરોવરમાંથી નીકળી ઢળતી જગ્યામાં થઈને સમદ્રને મળે છે. તેને નદી કહેછે.

નદ—નદી અતિશે મોટી હોય તેને નદ કહેછે

નદીનું મુળ—નદી જે ઠેકાણે મળે તેને મુળ કહેછે.


નદીનું મુખ—નદી જે ઠેકાણેથી નીકળે છે તેને મુખ કહે છે.

નળ—સમુદ્રનો સાંકડો પટ કે ભાગ જમીન ઉપર ધસી આવેલો હોય અથવા જમીનથી તેનું રક્ષણ થતું હોય તેને નળ કહેછે.

સંગમ—જે જગ્યાએ નાની નદી, મોટી નદીને મળેછે તેને સંગમ કહેછે.

ખાડી—સમુદ્રને મળતાં પહેલાં ભરતીનું પાણી માંહે આવે એવું જે નદીનું મુખ પહોળું હોય તેને ખાડી કહેછે.

*નકશાની દિશાઓની સમજણ.



* નકશા ભણી મોં કરી ઉભા રહીએ તો મથાળે ઉત્તર દિશા, નીચે દક્ષિણ દિશા, ડાબા હાથ તરફ પશ્ચિમ દિશા, અને જમણા હાથ તરફ પૂર્વ દિશા આવેછે.

❋ ભુગોળ વિદ્યા સમાપ્ત. ❋

ગૂજરાતનો ઇતિહાસ.

ગુર્જર લોકો આ પ્રાંતમાં આવીને વસ્યા તેથી આ પ્રાંતનું નામ ગુજરાત પ્રાંત પડ્યું. ગુજરાત પ્રાંતના રહેવાશી ગુજરાતી કહેવાય છે.

ગુજરાતમાં પહેલાં રજપુત લોકોનું રાજ્ય હતું. તેના રાજ્યનો નાશ થયા પછી મુસલમાન લોકોનું રાજ થયું હતું, મુસલમાન પછી મરેઠા રાજા રાજ્ય કરતા હતા. મરેઠા લોકો મહારાષ્ટ્ર દેશના રહેવાશી હતા, હજુ ગુજરાતમાં વડોદરાનું દેશી રાજ્ય ગાયકવાડ સરકારને તાબેછે. ગાયકવાડ સરકાર જાતે મરેઠાછે. અને ગુજરાતમાં હાલ મુખ્ય રાજ્ય અંગ્રેજ સરકારનું છે. ગુજરાતની ગાદી પાંચ ઠેકાણે થઇ દ્વારકા, વલ્લભીપૂર, પંચાસર, અણહિલવાડપાટ્ટણ, અને અમદાવાદ. અંગ્રેજ લોકોની રાજધાની હાલ અમદાવાદ શહેરમાં છે.

દ્વારકાનું રાજ્ય—હાલ તે મોટું તીર્થનું ઠેકાણું છે. અસલ એમાં જાદવકુળના રાજા કૃષ્ણ રાજ કરતા હતા, એક વખતે એ વંશનાં હજારો માણસો સોમનાથપટ્ટણની જાત્રા કરવા ગયા હતા, ત્યાં કેફ કરી (દારૂપી) માંહોમાંહે લડી મૂઆ. તે જગ્યા હાલ જાદવાસ્થળીના નામથી પ્રખ્યાત છે, અને દ્વારકાના રાજ્યનો નાશ થયો.

વલ્લભીપૂરનું રાજ્ય—ઈ. સ. ૧૪૪થી ૩૪૪ સુધી ૨૦૦ વરસ ચાલ્યું વલ્લભીપુર શહેર ભાવનગરની ઉતરે વળાગામની પાસેછે, હાલ

તે ખંડેર (પડી ભાંગેલું) છે. એ શહેરના રાજા કયાંથી આવ્યા હતા, તેની પક્કી ખબર પડી નથી. પરંતુ જૈન તથા બૌદ્ધના જૂનાં ગ્રંથો ઉપરથી થોડી હકીકત માલમ પડેછે—આગલ એ શહેરમાં રજપુત લોકો રાજ કરતા હતા. ત્યાંની ગાદીએ ૧૮ રાજા થયા, તેમાંના ૫ રાજા શિલાદીત્યના નામથી ઓળખાતાં હતા, તેમાં પાંચમો શિલાદીત્ય વેદ ધર્મી—શીવમાર્ગી અને લોભી હતો તેના સબબથી વલ્લભીપુર શહેરનો નાશ થયો—નાશ થવાના બે કારણો (લોકવાણી) છે.

એક સાધુ પોતાના ચેલા સાથે વલ્લભીપુર પાસેના ઇસાવડા ડુંગર આગળ ઉતર્યો હતો. તે સાધુ વલ્લભીપુર શહેરમાં ભીખ માંગવા ગયો, પરંતુ તેને કોઇએ ભીખ ન આપી જેથી સાધુએ નારાજ થઇ શ્રાપ દઇને કહ્યું કે આ શહેર ઊંધું વળજો ને ધુળ મળજો. તેમ કહેતાંજ વલ્લભીપુર શહેર દટાઈ ગયું ને નાશ થયો.—બીજું કારણ મારવાડના પાલી શહેરનો કાકુ નામે વેપારી વલ્લભીપુર શહેરમાં આવી વસ્યો હતો. તે વેપારીની છોકરી પાસે જડાવ સોનાની કાંસકી (માથું ઓળ-વાની ફણી) હતી. તે એક દિવસે શિલાદીત્ય રાજાની છોકરીએ જોઈ તે પરથી તે કાંસકી શિલાદીત્ય રાજાએ માંગી, પરંતુ કાકુ વેપારીએ આપવાની ના કહી તેથી શિલાદીત્ય રાજાએ જોરજુલમથી લઇ લીધી. તેથી કાકુ વેપારી મ્લેચ્છ લોકો પાસે ગયો અને એક લાખ સોનાના શિક્કા આપી ઉપલા શિલાદીત્ય રાજા ઉપર ચડાઇ કરાવી જેમાં શિલા-દીત્ય રાજા મરાયો, અને વલ્લભીપુરનો નાશ થયો.

પંચાસરનું રાજ્ય—એ નગર ઝીંઝુવાડાની પાસે કચ્છના રણ આગળ છે. એમાં ચાવડા વંશના રજપુત લોકોનું રાજ્ય થયું. તેમાં

પહેલો રાજા જયશિખરી થયો—તે ઈ. સ. ૬૯૬માં ગાદીએ બેઠો, ૫૦ વરસ રાજ કર્યું અને ઈ. સ. ૭૪૬માં મરણ પામ્યો. એના વખતમાં રૈયત પૈસે ટકે સુખી હતી, દેશ આબાદ હતો, ચોર–લુંટારાની બીક નહોતી. એ રાજાએ સારી રીતે રાજ્ય ચલાવ્યું, અને રૈયતને સુખ આપ્યું. એ રાજાની પાસે ઘણીજ દોલત હતી, અને તેની રાણી રૂપસુંદરી ઘણીજ પુટડી હતી. એના રાજમાં શંકર નામે કવિ હતો, તે એક વખત કનોજ દેશના કલ્યાણી નગરના રાજા ભૂવડના દરબારમાં ગયો, અને ત્યાં જયશિખરીના બળનાં તથા ગુજરાતનાં તથા રાણી રૂપ-સુંદરીનાં બહુ બહુ વખાણ કર્યા. તે વાતપરથી મોહ પામી ભૂવડ રાજાએ ગુજરાત જીતવા સારૂ પોતાના સરદાર મીરને લશ્કર આપી લડવા સારૂ મોકલ્યો. તેણે ગુજરાતમાં આવી લૂંટફાટ કરવા માંડી.

તે પરથી જયશિખરીએ પોતાના સાળા સૂરપાળને લશ્કર આપી મીરની સામે લડવા મોકલ્યો. તેણે મીરને હરાવી કાઢયો. પછી ભૂવડ પોતે મોટું લશ્કર લઇ લડવા ચાલ્યો. અને પંચાસર શહેરને ઘેરો ઘાલ્યો, અને બાવન દિવસ લડાઇ ચાલી, તેમાં બેઉ તરફનાં હજારો માણસો કપાઈ મૂઆં. આખરે જયશિખરી રાજા મરાયો, અને પંચાસર શહેર ભૂવડ રાજાને હાથ ગયું. જયશિખરીની રાણી રૂપસુંદરી ગર્ભવંતી હોવાથી તેનો ભાઇ (રૂપસુંદરીનો ભાઇ) સૂરપાળ તેને વગડામાં મૂકી આવ્યો. ભૂવડે સોરઠ તથા કચ્છ વગેરે જીતી રાજ્યમાં વધારો કર્યો. અને રાજ્ય વહીવટ કરવા સારૂ પ્રધાન નીમી ભૂવડ સ્વદેશ (પોતાને દેશ) ગયો.

અણહિલવાડનું રાજ્ય—જયશિખરીના મરણ પછી સુરપાળ પો-

તાની બેન પાસે નહીં જતાં સોરઠના ડુંગરોમાં ભરાઇ રહ્યો. રાણી રૂપસુંદરી વગડામાં રહેતી હતી, તેની ચાકરી ભલી ભીલડીએ કરી હતી, રાણી વગડામાં રહી, ફૂળ ફુલ ફળાદિ ખાઇ દહાડા કાઢ્યા, વૈશાખ મહિનાની પુનમે રૂપસુંદરીને કુંવર અવતર્યો વનમાં અવતરવાથી તેનું નામ વનરાજ (વનનો રાજા) પાડયું. વગડામાં વનરાજ છ મહીનાનો થયો. એ વખતે શીલગુણસુરી નામનો જતી ત્યાંથી જતો હતો તેણે રૂપસુંદરી તથા વનરાજને ઓળખ્યાં તે પરથી તેઓને પોતાના અપાસરામાં તેડી ગયો ત્યાં વનરાજ ઉછેર્યો ને મોટો થયો.

રાણી રૂપસુંદરીને કુંવર અવતરવાની સુરપાળને ખબર પડી એટલે તેમની પાસે ગયો વનરાજ મોટી ઉમરનો થયો એટલે પોતાના મામા સાથે બારવટું કરવામાં (ગામડીયાંમાં લુંટ કરવામા) સામેલ થયો અને રાજા ભૂવડનાં માણસોને હેરાન કરવા લાગ્યો. તેનો મામો સુરપાળ મરી ગયો. તેથી વનરાજ એકલો થઇ રહ્યો. પછી નવા મદદગારો વધવાથી તેણે રાજ્ય પદ ધારણ કર્યું.

વનરાજ—ઇ. સ. ૭૪૬માં ગાદીએ બેઠો. ૬૦ વરસ રાજ કર્યું. ઇ. સ. ૮૦૬માં મરણ પામ્યો.

વનરાજ ગાદીએ બેઠો ત્યારે એક મોટું પરાક્રમ કર્યું. એક વખતે ગુજરાતની ઉપજ ભૂવડ રાજાની છોકરી મીનળદેવીનાં માણસો ગુજરાતમાંથી લઈ જતાં હતાં તેને વનરાજે લુંટી લીધાં, અને સરસ્વતી નદીને કાંઠે રાજધાનીનું નવું શહેર (અણહિલવાડ) વસાવ્યું. અણહિલ નામના ભરવાડે વનરાજને વગડામાં સંતાવાની તથા છાના રસ્તા બતાવ્યા હતા, તે પરથી વનરાજે પોતાની રાજધાનીના શહેરનું નામ અણહિલવાડ પાટણ પાડયું.

શ્રીદેવી નામની વાણીઆણીએ વગડામાં તેની ચાકરી કરી હતી. તેથી ગાદીએ બેસતી વખતે વનરાજે તેના હાથથી તીલક કરાવ્યું ચાંપા નામના વાણીઆએ વગડામાં પૈસા વગેરેની મદદ કરી હતી તેને પોતાનો પ્રધાન બનાવ્યો. તે ચાંપા પ્રધાને ચાંપાનેર શહેર વસાવ્યું વનરાજ ડાહ્યો, બળવાન અને પરાક્રમી હતો. એ રાજા ૧૧૦ વરસની ઉમરે મરણ પામ્યો. એના પછી એનો દીકરો યોગરાજ ગાદીએ બેઠો.

યોગરાજ—ઈ. સ. ૮૦૬માં ગાદીએ બેઠો ૩૬ વરસ રાજ કર્યું, ઈ. સ. ૮૪૨માં મરી ગયો. એ રાજા પોતાના બાપની પેઠે સદ્‌ગુણી અને પરાક્રમી હતો એ ઘણું ભણેલો હતો લડાઈના કામમાં ચતુર ને શૂરો હતો તેણે એક પુસ્તક બનાવ્યું હતું, તીર મારવામાં હુશીઆર હતો તે બાણાવળીના નામથી પ્રખ્યાત થઈ ગયો છે એના પછી એનો છોકરો ક્ષેમરાજ ગાદીએ બેઠો.

ક્ષેમરાજ—ઈ. સ. ૮૪૨માં ગાદીએ બેઠો ૨૪ વરસ રાજ કર્યું, ઈ. સ. ૮૬૬માં મરી ગયો. એણે પોતાનું રાજ્ય સારી રીતે ચલાવ્યું. એનો સ્વભાવ તીખો હતો ને પોતાનાં સગાં-વ્હાલાં જોડે સંપ નહોતો એણે એકવાર પરદેશનાં વહાણુ લુંટ્યાં હતાં તેથી તેના બાપે તેને ઘણોજ ઠપકો આપ્યો હતો. એના પછી એનો છોકરો ભૂવડ ગાદીએ બેઠો.

ભૂવડ—(પીથુ) ઈ. સ. ૮૬૬માં ગાદીએ બેઠો ૨૯ વરસ રાજ કર્યું ઈ. સ. ૮૯૫માં મરણ પામ્યો. એના વખતમાં લડાઈ વગેરે જાણવા જોગ બીના બની નહીં એના પછી એનો દીકરો વિરસિંહ ગાદીએ બેઠો.

બિરસિંહ—ઇ. સ. ૮૯૫માં ગાદીએ બેઠો, ૨૫ વરસ રાજ કીધું, ઈ. સ. ૯૨૦માં મરી ગયો એને રાજ્ય સારી રીતે ચલાવ્યું. એના પછી એનો દીકરો રત્નાદીત્ય ગાદીએ બેઠો.

રત્નાદીત્ય—ઇ. સ ૯૨૦માં ગાદીએ બેઠો. ૧૫ વરસ રાજ કીધું, ઇ. સ. ૯૩૫માં મરી ગયો. એ ચાવડા વંશમાં સારો રાજા થઈ ગયો, તે પોતાના સારા ગુણને માટે વખણાયો છે, તે વચન પાળનાર, સાચો, શૂરો અને બળવાન હતો. તેણે રૈયતને ઘણું સુખ આપ્યું. લુચ્ચા, ચોર. ઠગારાઓને દેશમાંથી કાઢી મૂકયા. એના પછી એનો દીકરો સામતસિંહ ગાદીએ બેઠો.

સામતસિંહ—ઈ. સ. ૯૩૫માં ગાદીએ બેઠો ૭ વરસ રાજ કીધું ૯૪૨માં મરી ગયો. એ રાજા નબળો દુર્ગુણી તથા દારૂડીઓ હતો. એકવાર એણે દારૂનાકેફમાં પોતાની બેન લીલાદેવીના દીકરા મૂળરાજને રાજ આપી દીધું હતું, ભાન આવ્યા પછી રાજ્ય પાછું માંગ્યું તેથી મૂળરાજે પોતાના મામા સામતસિંહને તથા મોસાળ પક્ષનાં બધાં સગાંવ્હાલાંને મારીને ગાદી લઈ લીધી. ચાવડા વંશમાં બધા આઠ રાજા થયા તેમાં છેલ્લો રાજા સામતસિંહ હતો. સામતસિંહને એકે છોકરો નહોતો. સામતસિંહની ચાલ બહુજ ખરાબ હતી.

ચાવડા વંશ ઇ. સ. ૬૯૬થી શરૂ થયો. ઇ. સ. ૯૪૨ સુધી ચાલ્યો. ૨૪૬ વરસ રાજ્ય થયું.

ચાવડા વંશની વંશાવળી.

	ગાદીએ બેઠો	રાજ કીધું	મરી ગયો.
જયશિખરી	ઇ. સ. ૬૯૬	૪૦	૭૦૬

વનરાજ	ઈ.	સ.	૭૪૬	૬૦	૮૦૬
યોગરાજ	ઈ.	સ.	૮૦૬	૩૬	૮૪૨
ક્ષેમરાજ	ઈ.	સ.	૮૪૨	૨૪	૮૬૬
ભુવડ	ઈ.	સ.	૮૬૬	૨૯	૮૯૫
વિરસીંહ	ઈ.	સ.	૮૯૫	૨૫	૯૨૦
રત્નાદીત્ય	ઈ.	સ.	૯૨૦	૧૫	૯૩૫
સામતસિંહ	ઈ.	સ.	૯૩૫	૭	૯૪૨

કુલ ૨૪૬ વર્ષ રાજ્ય ચાલ્યું.

સોલંકી વંશ.

જયશિખરી ચાવડાની સાથે લડનાર સોલંકી ભૂવડની ચોથી પેઢીએ ભુવનાદીત્ય નામનો રાજા થયો તેને ત્રણ છોકરા હતા. ૧ રાજ, ૨ બીજ, ૩ દંડક. એઓમાં બીજ આંધળો હતો. આ ત્રણે ભાઇઓ ગુજરાતમાં સોમનાથપાટ્ટણ નામે તીર્થનું મોટું ઠેકાણું છે, ત્યાં તીર્થ કરવા ગયા હતા. એક વખત સામતસિંહ રાજાની ઘોડીને તેનો નોકર પાણી પીવરાવવા લઈ જતો હતો, ઘોડી ગર્ભવંતી હતી. આ ઘોડીને તેમણે જોઈ તે પરથી કહેવા લાગ્યા—કે, આ ઘોડીને વછેરો આવશે તેની જમણી આંખ પુટેલી હશે. તે વાતની સામતસિંહને ખબર પડી તે પરથી રાજાએ તેમને તેડાવી પુછયું અને કહ્યું કે ઘોડીને વછેરો અવતરશે ને તેની જમણી આંખ પુટેલી હશે તો મારી બેન લીલાદેવી

તમને પરણાવી આપીશ. અને જો તેમ નહીં હશે તો તમારો ઘાણ કાઢીશ. તે વાતની કબુલાત થઈ. ઘોડીને વછેરો અવતર્યો તેની જમણી આંખ ફુટેલી હતી તે પરથી લીલાદેવી રાજને પરણાવી. (લોકો દંત કથા કહેછે.) તેને મૂળરાજ નામે પુત્ર થયો તે ગાદીએ બેઠો.

૧ મૂળરાજ—ઈ. સ. ૯૪૨માં ગાદીએ બેઠો ૫૫ વર્ષ રાજ કરી, ઈ. સ. ૯૯૭માં મરણ પામ્યો. એ રાજાનો જન્મ થતી વખતે એની મા મરણ પામી, તેથી પેટ ફાડી જીવતો કાઢી લીધો હતો એનો જન્મ મૂળ નક્ષત્રમાં થવાથી તેનું નામ મૂળરાજ પાડયું. આ રાજા નાનપણમાં ગાદીએ બેઠો. તેથી બીજા રાજાઓને અદેખાઈ આવી, માટે તેનું રાજ્ય લેવાને ચાર મોટા રાજાઓ ચડી આવ્યા ૧ અજમેરનો રાજા ચડી આવ્યો તેને ધન આપી પાછો વાળ્યો ૨ દક્ષિણથી તેલંગણના રાજાનો સરદાર બાર્પ ચડી આવ્યો તેને મૂળરાજે હરાવી કાઢયો. ૩ સોરઠનો રાજા ગ્રહરિપુ જાત્રા કરવા જનારા લોકોને લુંટતો હતો તે પરથી મૂળરાજે તેના ઉપર ચડાઇ કરી. રાજા ગ્રહરિપુની મદદે કચ્છનો રાજા લાખો તથા બીજા કેટલાક બંડીઆ રાજાઓ આવ્યા હતા, ભારે મોટી લડાઇ થઇ તેમાં ગ્રહરિપુ તથા લાખો મરાયા અને સોરઠ પ્રાંત મૂળરાજે લઈ લીધો. ૪ લાટદેશ (મહિથી નર્મદા સુધીના મુલક)ના રાજાએ મૂળરાજનું અપમાન કર્યું, તેથી મૂળરાજના કુંવર ચામુંડે તેના પર ચડાઇ કરી તેનું રાજ લુંટી લીધું મૂળરાજે ઘણાંક શિવાલય બંધાવ્યાં સિદ્ધપુરમાં રૂદ્રમાળનું દેરૂં ચણાવવા માંડયું પણ તેના અમલમાં પુરૂ થયું નહીં. મૂળરાજ લોભી, દુષ્ટ, બુદ્ધિમાન અને પરાક્રમી હતો.

મૂળરાજે પોતાના મામા તથા મોસાળીઆની હત્યા કરી હતી. તેનો

ઘરડપણમાં તેને બહુજ પસ્તાવો થયો એ પાપમાંથી છૂટવાને તેણે ઉત્તર માંથી બ્રાહ્મણોને બોલાવી ઘણાં ગામ દાનમાં આપી ગુજરાતમાં વસાવ્યા એના પછી એનો દીકરો ચામુંડ રાજ કરવા લાગ્યો. મૂળરાજે બાકીની જીંદગી તીર્થ કરવામાં ગુજારી.

. ૨ ચામુંડ—ઈ. સ. ૯૯૭માં ગાદીએ બેઠે ૧૩ વર્ષ રાજ્ય કીધું —ઈ. સ. ૧૦૧૦માં મરી ગયો. તેણે રાજ ઠીક ચલાવ્યું તેના વખતમાં લડાઈ ટંટા થયા નહીં. એનેત્રણ છોકરા હતા. ૧ વલ્લભસેન ૨ દુર્લભસેન ૩ નાગરાજ. એણે પોતાના મોટા કુંવર વલ્લભસેનને, રાજ સોંપ્યું અને પોતે તીર્થ કરવા (કાશીમાં) ગયો.

૩ વલ્લભસેન—ઈ. સ. ૧૦૧૦માં ગાદીએ બેઠો, થોડા મહિના—રાજ કીધું; ઈ. સ. ૧૦૧૦માં મરી ગયો. એના વખતમાં જાણેવાજોગં બીન બની નહીં. એ રાજા શીતળાના રોગથી મરણ પામ્યો. ચામુંડ કાશીએથી પાછો આવ્યો. અને દુર્લભસેનને રાજ આપી પોતે શુક્લતીર્થમાં જઈ રહયો. અને શોક કરતાં મરણ પામ્યો.

૪ દુર્લભસેન—ઈ. સ. ૧૦૧૦માં ગાદીએ બેઠો ૧૨ વર્ષ રાજ કર્યું; ઈ. સ. ૧૦૨૨માં મરી ગયો. એણે રાજ ઠીક ચલાવ્યું, રૈયતને સુખ આપ્યુ. અને દેરાં, તળાવ વગેરે બંધાવ્યાં. એ રાજા મારવાડના મહેંદ્રરાજાની બેનવેરે પરણ્યો હતો, અને પોતાના ભાઈ નાગરાજને—પોતાની સાળી સાથે પરણાવ્યે— દુર્લભસેનની બેન મહેંદ્રરાજા સાથે ઇચ્છાવર પરણી હતી. એના પછી એના ભાઈ નાગરાજનો દીકરો ભીમદેવ ગાદીએ બેઠો.

૫ ભીમદેવ પહેલો—૧૦૨૨માં ગાદીએ બેઠો; ૫૦ વર્ષ રાજ

કર્યું ઈ. સ. ૧૦૭૨માં મરી ગયોં. એના ઉપર બે રાજા ચડી આવ્યા હતા. ૧ ઈ. સ. ૧૦૨૪માં ગીજનીનો પ્રખ્યાત બાદશાહ મહમદ ગુજરાત ઉપર ચડી આવ્યો ભીમદેવ એકદમ તેની સામે થઇ શકયો નહીં. અને બીજા રાજાઓની મદદ લઈ પ્રભાસપટ્ટણ આગળ લડયો લડતાં લડતાં ત્રણ હજાર મુસલમાનોને માર્યા, આખરે ભીમદેવ હાર્યો અને પોતાના કચ્છ ભણીના કંથકોટ નામના કીલ્લામાં સ.તાઈ બેઠો.

સૂલતાન મહમૂદે પ્રભાસપાટ્ટણમાં સોમનાથનું દેરૂં લૂંટયું અને તેમાંની મૂર્તિ ભાંગી નાખી મૂર્તિના ત્રણ કડકા કર્યાં ૧ કડકો મદીને, ૨ કડકો મક્કે ૩ કડકો ગીજની મોકલ્યો. અને દેરાંમાંથી કરોડો રૂપીઆની દોલત નીકળી તે લઈ ભીમદેવને શીક્ષા કરવા કંથકોટ ગયો. ભીમદેવ ત્યાંથી નીકળી નાઠો. પછી મહમૂદ પોતાને સ્વદેશ (ગીજની) ગયો, રસ્તામાં જતાં તેના લશ્કરને પાણીની તંગાસથી ઘણીજ હરકત થઇ તેથી કેટલા માણસો માર્યાં ગયાં.

વીશળદેવ રાજાની સરદારી નીચે બીજા રજપુતો વગેરે ભરતખંડના મુસલમાન લોકોનું રાજ લેવા ચડયા હતા ભીમદેવ તેમાં ભળ્યો નહીં, તેથી વીશળદેવે તેના ઉપર ચડાઈ કરી તેમાં ભીમ હાર્યો, પછી ભીમદેવ ઘણુંજ ધન આપી લડાઈની જગ્યાએ વિશળનગર શહેર વસાવા દેવાનુંકબુલ કરી વીશળદેવને પાછો વાળ્યો.

ભીમદેવના વખતમાં વિમળશા નામે શ્રાવક ઘણોજ પૈસાદાર હતો, તેણે સુંદર દેરાં બંધાવ્યાં. આબુ પર, આરાસુર ઉપર, કુંભારીઆમાં, અને દેલવાડામાં.

ભીમદેવે સિંધના રાજાને હરાવી સિંધ જીતી લીધું, તે વખતે

માળવામાં દાનેશ્વરી રાજા ભોજ રાજ કરતો હતો તેણે એકવાર પોતાના સરદારને ભીમદેવ ઉપર ચડાઈ કરવા મોકલ્યો હતો, તેથી ભીમદેવનો તેની સાથે અણબનાવ હતો. ભીમદેવ કાશીના રાજા કરણ જોડે સંપ કરી ભોજરાજા ઉપર ચડાઈ કરી, લડાઈ ચાલતી હતી તેવામાં ભોજરાજા મરી ગયો, કરણરાજાએ એનો ખજાનો લૂંટી લીધો. તેમાં ભીમદેવને કશું પણ આપ્યું નહીં પરંતુ માળવાની ઉપજ ભીમદેવ લે એવું ઠરાવ્યું.ભીમદેવ ચોર પકડવામાં તથા અપરાધીઓને સજા કરવામાં બહુજ હુશિઆર હતો. તે શૂરો અને લડવૈયો હતો વિદ્વાનને ઉતેજન આપતો હતો. તેને ત્રણ છોકરા હતા, ૧ ક્ષેમરાજ, ૨ કરણ, અને ૩ મૂળરાજ, તેણે ઈશ્વરની ભક્તિ કરવાનું ધારી મોટા કુંવર ક્ષેમરાજને રાજ આપ્યું, પણ ક્ષેમરાજે તીર્થમાં સાથે રેહવાની મરજી બતાવી તેથી કરણને ગાદીએ બેસાડયો.

૬ કરણ—ઈ. સ. ૧૦૭૨માં ગાદીએ બેઠો ૨૨ વરસ રાજ કર્યું ઈ સ. ૧૦૯૪માં મરી ગયો. એ રાજા ગાદીએ બેઠો ત્યારે ધંધુકા, આશાવળ, ને મહેવાસના કોળી રાજાઓને હરાવી વશ કરી રાજ્યને મજબૂત કર્યું. એની માનું નામ ઉદ્યામતિ હતું. કરણ રાજા ચંદ્રાપુર શહેરના રાજા રાજેકશીની દીકરી મીનળદેવી સાથે પરણ્યો હતો. એ રાજાએ પાટણની દક્ષીણે મોઢેરા ગામમાં કરણસાગર નામનું તળાવ બંધાવ્યું અને કરણાવતી શહેર વસાવ્યું, અને બીજાઘણાંક દેરાં બંધાવ્યાં એના પછી એનો દીકરો સિદ્ધરાજ જયસિંહ (સધરા જેસંગ) ગાદીએ બેઠો.

૭ સિદ્ધરાજ જયસિંહ-ઇ. સ. ૧૦૯૪માં ગાદીએ બેઠો, ૪૯

વર્ષ રાજ્ય કર્યું ઇ. સ. ૧૧૪૩માં મરી ગયો. કરણ રાજા મરી ગયો ત્યારે સિદ્ધરાજ ૧૧ વરસની નાની ઉમરનો હતો. તેને નાનપણમાં ગાદી મલી તેથી તેનુ રાજ તેની મા મીનળદેવીએ ચલાવ્યું. તે વખતમાં મીનળદેવીએ બે તળાવ બંધાવ્યાં. ૧ મુનસર વીરમગામમાં, ૨ મલાવ ધોળકામાં.

સિદ્ધરાજને લઈને મીનળદેવી ગુજરાતમાં સોમનાથપાટણની જાત્રા કરવા ગઈ હતી, તે વખતે માળવાના રાજા યસોવર્માએ અણહીલવાડ પાટણ ઉપર ચડાઈ કરી. તેને સિદ્ધરાજના પ્રધાને ધન આપી પાછો વાળ્યો. એ વાતની સિદ્ધરાજને ખબર પડી તેથી પાછળથી યસોવર્મા સાથે બાર વરસ સુધી લડયો અને છેવટે યસોવર્મા રાજાને પકડી કેદ કરી પાટણમાં લઈ આવ્યો ત્યાર પછી કચ્છ તથા સોરટ જીતી રાજ્યમાં વધારો કર્યો. સિંધનારાજા રારપાવરની દીકરીને ખોટા વહેમને લીધે તે જન્મી કે વગડામાં મૂકી આવ્યા. ત્યાંથી કાઠીયા વાડનો કુંભાર તેને લઈ આવ્યો અને ઉછેરી મોટી કીધી તેનું નામ રાણકદેવી હતું તેનું સગપણ સિદ્ધરાજ વેરે થયું હતું. રાણકદેવી ઘણી રૂપવંતી તથા ચતુર હતી, તેથી મોહ પામીને સોરઠનો રાજા રખેંગાર જોર જુલમથી લઈ જઈ પરણ્યો. તેથી સિદ્ધરાજે તેના ઉપર ચડાઈ કરી. રાજા રાખેંગાર પોતાના જુનાગઢના કીલ્લામાં સંતાઈ બેઠે સિદ્ધરાજે ઘણા હુમલા કર્યા પણ જય મળ્યોજ નહીં આખરે રાખેંગારના બે ભાણેજોએ દગાથી સિદ્ધરાજનું લશ્કર કીલ્લામાં દાખલ કરાવ્યું. સિદ્ધરાજે રાજા રાખેંગાર તથા તેના બે બાળકોને મારી નાંખ્યાં, અને રાણક દેવીને લઈ આવ્યો, પછી રાણકદેવીને કહ્યું કે તું મારી સાથે પરણ, તેણીએ ના કહી અને વઢવાણ આગલ જીવતી બળી મુઈ, (સતી થઈ) તેની દેરી વઢવાણ આગળ છે.

સિદ્ધરાજને એકે કુંવર નહોતો તેથી તેણે, ઘણાંક ધર્મનાં કામો કીધાં, પાટણમાં સહસ્ત્રલીંગ (હજાર મૂર્તિવાળું) તળાવ બંધાવ્યું, અધુરો પડેલ રૂદ્રમાળાનું દેરૂં પુરૂં કરાવ્યું. વાવ, કુવા, વગેરે અસંખ્ય નવાણો ગળાવ્યાં, એનું નામ આજ સુધી અમર છે. આ રાજા સોલંકીવંશમાં સારામાં સારો રાજા હતો એ મોટો વિદ્વાન અને પ્રતાપી રાજા થઈ ગયો, એણે રૈયતને સુખ આપ્યું, રાજ્ય સારી રીતે ચલાવ્યું, એના પછી એના ઓરમાન કાકા ક્ષેમરાજના વંશમાં રાજ ગયું.

ક્ષેમરાજના વંશની હકીકત–ક્ષેમરાજના કુંવરનું નામ દેવપ્રસાદ અને દેવપ્રસાદના કુંવરનું નામ ત્રિભોવન પાળ. ત્રિભોવનપાળને ત્રણ કુંવર અને બે કુંવરીઓ હતી. કુંવરનાં નામ–મહિપાળ, કીર્તિપાળ, અને કુમારપાળ. કુવરીઓના નામ–પ્રેમળદેવી અને દેવળદેવી. તેમાં પ્રેમળ–દેવી સિદ્ધરાજના સામંત કાહાનદેવ વેરે અને દેવળદેવી કાશ્મીરના મહારાજા વેરે પરણી હતી. સિદ્ધરાજની પછી કુમારપાળ ગાદીએ બેઠો. કુમારપાળને ગાદીએ બેસાડવાની સિદ્ધરાજની મરજી હતી નહીં, માટે કુમારપાળ ઉપર અદેખાઈ લાવી સિદ્ધરાજે તેને પકડવાને માણસો મોકલ્યાં હતાં. કુમારપાળ રાજા જોગીનો વેશ લઈ નાશી ગયો. તેને કુંભારે તથા ખેડુતે મદદ કરી હતી. અને બીજી વખતે ઉદાયન મંત્રીએ અને હેમાચાર્ય નામના જતીએ મદદ કરી હતી. સિદ્ધરાજ મરણ પામ્યો અને તેના પ્રધાને કુમારપાળને ગાદીએ બેસાડયો. તે વખતે કુમારપાળની ઉમર ૫૦ વરસની હતી.

૮ કુમારપાળ—ઈ. સ. ૧૧૪૩માં ગાદીએ બેઠો, ૩૧ વરસ રાજ કર્યું ઈ. સ. ૧૧૭૪માં મરી ગયો. એ રાજાએ ગાદીએ બેઠા અગાઉ શ્રાવકનો ધર્મ પાળવાની કબુલાત આપી હતી તેથી ગાદીએ બેઠા

પછી શ્રાવક વાણીઆનો ધર્મ પાળ્યો, અને પોતાના મદદગારોને પૈસા આપી ન્યાલ કરી નાખ્યા, અને ઉદાયન મંત્રીના દીકરા વાગભટને પ્રધાનવટું આપ્યું. વાગભટનો બીજો ભાઈ વાહડ હતો તે સિદ્ધ-રાજના પક્ષનો હતો નાઘોરના રાજા આનનને સમજાવી કુમાર-પાળ ઉપર ચડાઈ કરાવી. કુમારપાળની મદદમાં આબુનો રાજા વિક્રમસિંહ, અને કચ્છનો રાજાલાખો વગેરે બીજા રાજાઓ આવ્યા હતા. એ લડાઈમાં કુમારપાળે નાઘોરના રાજા આનનને માર્યો અને તેની કુવરી ઝલનાને પરણી તથા ભેટો લઈ સમાધાન કર્યું.

કુમારપાળે માળવાના રાજાને જીતવા પોતાના સામંતો નામે વીજે સામત તથા કૃષ્ણ સામતને ફોજઆપી મોકલ્યા. પણ તેઓ માળવાના રાજાની તરફદારીમાં થઈગયા તેથી કુમારપાળે પંડે જઈ માળવાના રાજાને હરાવ્યો.

કુમારપાળે કોકણનું રાજ લેવા સારૂ આમ્ર ભટને મોકલ્યો, તે પહેલીવાર હારી આવ્યો પછી બીજીવાર ચડાઈ કરી કોકણના રાજા મલીકાર્જુનને હરાવી મારીનાખ્યો. અને ત્યાંથી અનીશય ધન મેળવી પાછો આવ્યો. કુમારપાળ રાજાએ ઘણાં દેરાં તથા શિવાલય બંધાવ્યાં એ મોટો પ્રતાપી રાજા હતો, એણે જૈન ધર્મનાં કેટલાંક પુસ્તકોનો ભંડાર કર્યો, એ રાજા ૮૦ વરસની ઉમરે રક્તપિતના રોગથી મરણ પામ્યો. એના પછી એના ભાઈ મહીપાળનો દીકરો અજેપાળ ગાદીએ બેઠો.

૯ અજેપાળ—ઈ. સ. ૧૧૭૪માં ગાદીએ બેઠો, ૩ વરસ રાજ કર્યું, અને ૧૧૭૭મા મરણ પામ્યો. એ રાજા વૈષ્ણવ ધર્મમાનતે

તેથી તેણે જૈન ધર્મનાં ઘણાંક દેરાં તોડ્યાં. એણે ત્રણ વરસ રાજ કર્યું તેવામાં તેની હેવડીના કોઈ માણસે કટાર મારી તેનો જીવલીધો. એના પછી એનો દીકરો બાળમૂળરાજ ગાદીએ બેઠો.

૧૦ બાળમૂળરાજ—ઈ. સ. ૧૧૭૭માં ગાદીએ બેઠો ૨ વરસ રાજ કર્યું ઈ. સ. ૧૧૭૯માં મરી ગયો. એ રાજાને બચપણમાં ગાદી મળી તેથી તેનું નાંમ બાળમૂળરાજ પડ્યું. એ નાની ઉમરનો હતો માટે તેની મા નાયકાદેવીએ થોડી મૂદત સુધી રાજ્ય ચલાવ્યું. ઈ. સ. ૧૧૭૮માં કાબુલનો રાજા મહમૂદ શાહબુદ્દીન ગોરી ગુજરાત ઉપર ચડી આવ્યો, તેને બાળમુળરાજના કાકા ભોળો ભીમદેવે હરાવી કાઢયો, અને પંડે ગદીએ બેઠો

૧૧ ભીમદેવ બીજો—ઈ. સ. ૧૧૭૯માં ગાદીએ બેઠો, ૬૩ વરસ રાજ કર્યું, ઈ. સ. ૧૨૪૨માં મરી ગયો. આ રાજા ચઢાઉ તથા અવીચારી હતો તેથી તેને ભોળો ભીમદેવ કહેછે. તેણે દિલ્હી તથા અજમેરના રાજા પૃથુરાજની સાથે લડાઈ કરી. લડાઈનું કારણ—પૃથુરાજ નું સગપણ આબુના રાજા જેતસી પરમારની દીકરી વેરે થયું હતું, તે કન્યા ભીમદેવને જોયતી હતી માટે તેણે તે કન્યા માગી—આબુના રાજાએ ના પાડી, અને કન્યાને અજમેર મોકલી દીધી, ને પરથી ભીમદેવે અજમેર ઉપર ચડાઈ કરી. તેની સામે પૃથુરાજનો બાપ સોમેશ્વર થયો અને લડાઈ થઈ તેમાં સોમેશ્વર હાર્યો,

પૃથુરાજને ખબર પડતાં ૬૫૦૦૦ માસોની ફોજ લઈ ભીમદેવ ઉપર ચડી આવ્યો તેમાં ભીમદેવ હાર્યો. શૂરવીર પૃથુરાજની માનું નામ કમળાદેવી હતું, તે દીલ્હીના રાજા અનંગપાળની દીકરી હતી અનંગપાળ

રાજાને એકે કુંવર નહોતો માટે તેણે પોતાની દીકરીના દીકરા પૃથુરાજને ગાદી આપી હતી. અજમેરમાં પૃથુરાજના બાપ સોમેશ્વરનું રાજ હતું માટે અજમીરની ગાદી પણ ચોહાણ પૃથુરાજને મલી પૃથુરાજને દીલ્લીની ગાદી મળી તેથી તેના માશીઆઇ ભાઇ જયચંદ રાઠોડને અદેખાઈ આવી, અને દીલ્લીના રાજનો અડધો ભાગ માંગયો પણ પૃથુરાજે આપ્યો નહીં તેથી કનોજના રાજા જયચંદ રાઠોડે ચડાઈ કરી તેમાં જયચંદ હાર્યો ઈ. સ ૧૧૯૧માં ગોરીબાદશાહ શાહબુદીને પૃથુ-જના રાજ્ય ઉપર ચડાઈ કરી તેમાં શાહાબુદીનગોરી હાર્યો એટલે તેણે ફરીથી ઈ. સ. ૧૧૯૩માં ચડાઈ કરી પણ પૃથુરાજને કોઈની મદદ ન મલી જેથી દીલ્લીનો તથા અજમેરનો શૂરવીર રાજા પૃથુરાજ હાર્યો ને માર્યો ગયો. શાહબુદીને પોતાના ચાકર કુતુબદીનને અજમેર તથા દીલ્લીનોસૂબો બનાવી પોતે સ્વદેશ (કાબલ) ગયો ઈ. સ. ૧૧૯૪માં કુતુબુદીને ગુજરાત ઉપર ચડાઇ કરી ભીમદેવને હરાવ્યો. ફરી બીજી વાર ભીમદેવે બીજાઓની મદદ લઇ કુતુબુદીનને હરાવ્યો. ને ઘા-યલ કર્યો એટલે શાહબુદીને આવી ભીમદેવને હરાવી કાઢયો, પછી ભી-મદેવે પોતાનું રાજ ૩-૪ વરસમાં લઇ લીધું ને રાજ કરવા માંડયું એના પછી એનો દીકરો ત્રિભોવનપાળ ગાદીએ બેઠો.

૧૨ **ત્રીભોવનપાળ**—ઈ. સ. ૧૨૪૨માં ગાદીએ બેઠો ૨ વરસ રાજ કર્યું ઈ. સ. ૧૨૪૪માં ગાદી ઉપરથી ઉઠયો એ રાજામાં કઈ દમ નહોતો તેથી ધોળકાના રાણા વાઘેલા વિશળદેવે તેની ગાદી લઈ લીધી ત્રિભોવનપાળ સોલંકીવંશનો છેલ્લો રાજા હતો સોલંકીવંશમાં બધાં મલી બાર રાજા થઈ ગયા છે.

સોલંકીવંશ ઈ. સ. ૯૪૨માં શરૂ થયો ૩૦૨ વરસ ચાલ્યો, ઈ. સ. ૧૨૪૪માં પુરો થયો. એ વંશ પુરો થયા પછી સોલંકી વંશની ગાદી વાઘેલાંવંશમાં ગઈ.

સોલંકીવંશની વંશાવળી.

		ગદીએ બેઠો	રાજ કીધું	ગાદીપરથી ઉઠયો
૧	મૂળરાજ	ઈ. સ. ૯૪૨	૫૫	ઈ. સ. ૯૯૭
૨	ચામુંડ	,, ૯૯૭	૧૩	,, ૧૦૧૦
૩	વલ્લભસેન	,, ૧૦૧૦	થોડામાસ	,, ૧૦૧૦
૪	દુર્લભસેન	,, ૧૦૧૦	૧૨	,, ૧૦૨૨
૫	ભીમદેવ પહેલો	,, ૧૦૨૨	૫૦	,, ૧૦૭૨
૬	કરણ	,, ૧૦૭૨	૨૨	,, ૧૦૯૪
૭	સિદ્ધરાજ જયસિંહ	,, ૧૦૯૪	૪૯	,, ૧૧૪૩
૮	કુમારપાળ	,, ૧૧૪૩	૩૧	,, ૧૧૭૪
૯	અજેપાળ	,, ૧૧૭૪	૩	,, ૧૧૭૭
૧૦	બાળ મૂળરાજ	,, ૧૧૭૭	૨	,, ૧૧૭૯
૧૧	ભીમદેવ બીજો (ભોળોભીમદેવ)	,, ૧૧૭૯	૬૩	,, ૧૨૪૨
૧૨	ત્રીભોવનપાળ	,, ૧૨૪૨	૨	,, ૧૨૪૪

કુલ ૩૦૨ વરસ ચાલ્યો

વાઘેલા વંશ.

હકીકત—લવણ પ્રસાદ વાઘેલો વાઘેલા ગામમાં રહેતો હતો તેથી તેના વંશનું નામ વાઘેલા વંશ પડયું એ લવણ પ્રસાદને રાજા ભોળા—ભીમદેવે પ્રધાનવટું આપ્યું હતું, પાછળથી રાજા અને પ્રધાનની વચ્ચે અણુ બનાવ થયો તેથી લવણ પ્રસાદે બંડ કરી બધો મૂલક જીતી લીધો લવણ પ્રસાદને વીરધવળ નામે પરાક્રમી છોકરો હતો તેણે રાજ્યમાં વધારો કર્યો અને ધોળકા તથા ધંધુકા જીતી લીધાવી રધવળ રાજાને બે છોકરા હતા. ૧ વિરમદેવ, ૨ વિશળદેવ રાજાને પોતાના મોટા છોકરાની સાથે અણુબનાવ હતો માટે વિરમદેવને વીરમગામમાં રાખ્યો વીરધવળ રાજાને વસ્તુપાળ અને તેજપાળ નામે વાણીઆ પ્રધાન હતા તેઓએ દગાથી વિરમદેવને મારી નાખી વિશળદેવને ગાદીનો હકદાર બનાવીધોળકાની ગાદીએ બેસાડયો—એવિશળદેવે સોલંકીવંશના છેલારાજા પાસેથી ઇ. સ. ૧૨૪૪માં અણહીલવાડની ગાદી લઇ લીધી હતી.

૧ વિશળદેવ—ઈ. સ. ૧૨૪૪માં ગાદીએ બેઠો ૧૮ વરસ રાજ કર્યું ઈ. સ, ૧૨૬૨માં મરી ગયો, એ રાજાએ પોતાના વાણીઆ પ્રધાનોને કાઢી નાંગર બ્રાહ્મણોને પ્રધાન બનાવ્યા —એ મહા પ્રતાપી રાજા થઈ ગયો તેણે ઘણાંક દેરાં બંધાવ્યાં. દેશ આબાદ કર્યો વિશલનગર, વિજાપુર, વગેરે શહેરો વસાવ્યા. ડભોઈનો કીલ્લો બંધાવ્યો. તે કર્ણાટકના રાજાની દીકરીના સ્વયંવરમાં જઈ તેને પરણ્યો. એના પછી અર્જુનદેવ ગાદીએ બેઠો.

૨ અર્જુનદેવ—ઈ. સ. ૧૨૬૨માં ગાદીએ બેઠો. ૧૩ વરસ રાજ કર્યું ઈ. સ. ૧૨૭૫માં મરણ પામ્યો. એણે રાજ્ય સારી રીતે ચલાવ્યું એના વખતમાં લડાઈ થઈ નહીં. એના પછી સારંગદેવ ગાદીએ બેઠો.

૩ સારંગદેવ—ઈ. સ. ૧૨૭૫માં ગાદીએ બેઠો ૪ વરસ રાજ કર્યું ઈ. સ. ૧૨૭૯માં મરી ગયો એના વખતમાં જાણવા જોગ બીના બની નહીં એના પછી કરણઘેલો ગાદીએ બેઠો.

૪ કરણઘેલો—ઈ. સ.૧૨૭૯માં ગાદીએ બેઠો ૨૫ વરસ રાજ કર્યું ઈ, સ. ૧૩૦૪માં મરી ગયો—એ રાજાની પાસે કેશવ તથા માધવ નામે બે પ્રધાન હતા. તેમાં માધવની સ્ત્રી ઘણીજ રૂપવંતી હતી તે પર મોહ પામી કરણરાજાએ માધવ પ્રધાનને ફોજઆપી દક્ષીણમાં મોકલ્યો. અને પાછળથી કેશવ પ્રધાનને મારી નાંખી, માધવ પ્રધાનની સ્ત્રીને જોરજુલમથી લઈ લીધી. માધવ પ્રધાન દીલ્લીના રાજા અલાઉદ્દીન ખીલજી પાસે ગયો અને તેને પુષ્કળ ભેટોઆપી ગુજરાત ઊપર ચડાઇ કરાવી. એલડાઇમાં કરણઘેલો હારીને દક્ષીણમાંના બાગલાંણ નામના શહેરમાં જતો રહ્યો. કરણની રાણી કમળા દેવીને અલ્લાઉદ્દીન લઇગયો અને પોતાની બેગમ કરી રાખી. અને અલ્લાઉદ્દીનના માણસોએ ગુજરાત પ્રાંત ઉજડ કર્યો. કરણ જે વખત નાશી ગયો ત્યારે પોતાની બે દીકરીઓ નામે કનકદેવી અને દેવળદેવી હતી તેને પણ સાથે લઈ ગયો હતો. કનકદેવી ત્યાંજ મરી ગઇ હતી અને દેવળદેવીને અલ્લાઉદ્દીને તેડાવી લીધી અને પોતાના દીકરા ખીજરખાં સાથે પરણાવી દીધી. એ દેવળદેવી શંકળદેવની સાથે પહેલાં પરણેલી હતી. તેને અલ્લાઉદ્દીનના ભાઇ નાસર તખાં તથા વજીર અલિફખાં જોર જુલમથી

લઈઆવ્યા. કરણ રાજા હાર્યા પછી ગુજરાતની ગાદી મુસલમાન વંશના બાદશાહોના હાથમાં ગઈ. કરણઘેલો વાઘેલા વંશનો છેલો રાજા હતો એ બધા મળી ચાર રાજા થયા.

વાઘેલા વંશ ઈ. સ. ૧૨૪૪માં શરૂ થયો તે ઈ. સ. ૧૩૦૪માં પુરો થયો—૬૦ વરસ ચાલ્યો.

વાઘેલા વંશની વંશાવળી.

		ગાદીએ બેઠો	રાજકીધું	મરીગયો.
૧ વીશળદેવ	ઈ. સ.	૧૨૪૪	૧૮	ઈ. સ. ૧૨૬૨
૨ અર્જુનદેવ	,,	૧૨૬૨	૧૩	,, ૧૨૭૫
૩ સારંગદેવ	,,	૧૨૭૫	૪	,, ૧૨૭૯
૪ કરણઘેલો	,,	૧૨૭૯	૨૫	,, ૧૩૦૪

કુલ ૬૦ વરસ ચાલ્યો.

વંશના નામ પડવાનાં કારણ.

ચાવડાવંશ—જયશિખરી ચાવડો રજપૂત હતો તેથી તેના વંશના રાજાઓ ચાવડા વંશના કહેવાતા.

સોલંકી વંશ—મૂળરાજ સોલંકી રજપૂત હતો તેથી તેના વંશજો સોલંકી વંશના કહેવાતા.

વાઘેલા વંશ—ધોળકા ગામનો રાણો વિશળદેવ જાતનો વાઘેલો રજપુત હતો માટે તેના વંશજો વાઘેલા વંશના કહેવાતા

પરિક્ષાના સવાલો.

વલ્લભીપુર નગર કેણી તરફ છે? વલ્લભીપુરમાં ગાદી કેટલા વરસ રહી? વલ્લભી પુરનો નાશ થવાનું કારણ શું? વલ્લભીપુર પછી ગુજરાતની ગાદી કયાં થઈ? પંચાસરમાં પહેલો કયો રાજા થયો? રૂપસુંદરી ઉપર કોણ મોહીત થયો? શંકર કોણ હતો? તેણે શું શું કામો કીધાં? જયશીખરી અને ભૂવડની લડાઈનુ પરીણામ શું થયું? સુરપાળ કોણ હતો? વનરાજ કયાં ઉછર્યો? વનરાજને ગાદી કેમ મળી? વનરાજે શું મોટું પરાક્રમ કીધું? વનરાજે પોતાની ગાદી કયાં સ્થાપી? અણહીલવાડ કોણેવસાવ્યું? અણહીલવાડ નામ કેમ પડયું? વનરાજ અણહીલવાડની ગાદીએ કયારેબેઠો? મીનળદેવી કોણ હતી? શ્રીદેવીએ શું શું કામો કીધાં? ચાંપાનેર શહેર કોણે વસાવ્યું? ચાવડા વંશમાં ભાણાવળી નામથી કયો રાજાઓળખાય છે? પીથુ રાજાનું બીજું નામ શું? ચાવડા વંશમાં સારામાં સારો રાજા કયો? ચાવડા વંશમાં કુલ કેટલા રાજા થયા? તેમાં છેલો રાજા કોણ થયો?

ચાવડા વંશમાં ખરાબમાં ખરાબ રાજા કોણહતો? ચાવડ વંશની ગાદી સોલંકી વંશમાં કેમગઈ? ચાવડા વંશની વંશાવળી બોલો? સામતસિંહ રાજાના રાજ્યનું વર્ણનકરો? લીલાદેવીનું સગપણ કેમથયું? રાજ,બીજઅ-નેદંડક કોણહતા? તેમાં હુશીયાર કોણ હતો? બીજ કેવો હતો? મૂળરાજનો જન્મ કેવી રીતે થયોં? મૂળરાજ નામ શું કરવ પડયું. મૂળરાજ ઉપર કેટલા રાજા ચડી આવ્યા? તેઓને મૂળરાજે કેવી રીતે હરાવ્યા? મૂળરાજે શું શું કામો કીધા? ઈ. સ. ૧૦૨૪માં શું થયું? સોમનાંથનું દેરૂં કોણે લુટયું? વીમળશાહે શું શું કામો કીધાં? કરણ સાગર તળાવ કોણે બંધાવ્યુ? સિદ્ધરાજે શું શું કામો કીધાં? યસો-વર્મા રાજાની ચડાઈનું વર્ણન કરો? રાણકદેવી કોણહતી? સિધ્દરાજે રાખેંગાર સાથે શું કરવા લડાઈ કરી? કુમાર પાળને ગાદી કેમ મલી? અજેપાળને કોણે મારીનાખ્યો? ઝલના કોણ હતી? કોકણના રાજાનું નામ શું? ઉદ્દામતી, મીનળદેવી, નાયકાદેવી, કમળાદેવી, દેવળદેવી, પ્રેમળ દેવી, લીલાદેવી, વગેરે કોણ હતી? અને તેમણે શું શું કામો કીધાં? અને તેઓ કેને કેને પરણી હતી? ભોળોભીમદેવ નામ કેમ પડયું? પૃથુરાજે ભોળા ભીમદેવ ઉપર શું કરવા ચડાઈ કરી? ઈ. સ. ૧૧૯૧, ૧૧૯૩, ૧૦૨૨, ૯૯૭, ૧૦૭૨, ૧૧૪૩, ૯૪૨, ૭૪૬, ૧૧૭૯, માં શું શું થયું? સોલંકી વંશની ગાદી વાઘેલા વંશમાં કેમગઈ? સોલંકી વંશની વંશાવળી બોલો? ક્યા ક્યા રાજાઓને સ્ત્રીઓ વાસ્તે લડાઈ કરવી પડી? વીશળદેવને ગાદી કેમ મલી? કેશવનું મોત શું કરવા થયું? માધવ કોણ હતો. અલાઉદ્દીન કોણ હતો? તેણે કરણઘેલા ઉપર, શું કરવા ચડાઈ કરી? ખીજરખાં કોની સાથે પરણ્યો હતો? બાંગલાણ

કંથકોટ, સિધ્ધપુરમાં કોણે રહેઠાણ કર્યો? વાઘેલા વંશમાં કેટલા રાજા થયા? તેઓમાં વધારે વરસ રાજ કોણે કીધું? વાઘેલા વંશની ગાદી કયા વંશમાં ગઈ અને કેમ ગઈ? સૂરપાળ, મીર, આમ્રભટ, વાહડ હેમાચાર્ય, શીલગુણશુરી, વસ્તુપાળ, તેજપાળ, ચાંપો, એ કોણ હતા? અને તેઓએ શું શું કામો કીધાં? વાઘેલા વંશની વંશાવળી બોલો? ગુજરાતનું રાજ્ય કેટલા વરસ ચાલ્યું? ઇતીહાસ શીખવાથી શું ફાયદો થાયછે?

સમાપ્ત.

****

☞ કોઈ પણ વિદ્યાર્થી આ ભૂગોળ ખરીદ કરવાને અશક્ત છે એવું, પોતાના માસ્તરની સર્ટીફીકેટ સાથે સાણીત કરશે તેને આ ચોપડી મફત આપવામાં આવશે.

****

જાહેર ખબર.

જે સદગૃહસ્થોને આભૂગોળ તેમજ ગાણી તરફથી પ્રસિદ્ધ થયેલ અને શાળાપયોગી અંગ્રેજી મેટ્રીકયુલેશન કલાસ સુધીના તેમજ સીંધ, ગુજરાતી તથા ઉર્દુસ્કુલમાં ચાલતા પુસ્તકો જોઈએ તેમને નીચે લખેલ ઠેકાણે કિમ્મત સાથે પત્રદ્વારા લખી જણાવવાથી મોકલી આપવામાં આવશે તેમજ જેઓની મરજી હશે તેમને વેલ્યુપેએબલ પોષ્ટથી પણ મોકલવામાં આવશે. જથા બંધ નકલો મગાવનારને સારૂં કમીશન આપવામાં આવશે એ વીષે પત્રથી ખુલાસો કરવો.

લાલજી હરજીવન મેતા.

ગુજરાતી હેડમાસ્તર અને મેનેજર સીંધ મદ્રેસા બુકડીપો—કરાચી.

